# LIFE

OF

# HIS HIGHNESS

# MAHARAJA SIR SAYAJIRAO GAIKWAR,

G.C.S.I.

BY

BHAGUBHAI RAMSHUNKAR JANI,

*Assistant Master, Government Branch School, Surat.*



**Bombay:**

PRINTED AT THE

EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

1888.

**Price Rs. 5.**

વડોદરાના મહારાજા નામદાર શિયાજીરાવ ગાયકવાડ.

(જી. સી. એસ. આઈ.)



*H. H. SAYAJIRAO GAIKWAR, G. C. S. I.,*
*MAHARAJA OF BARODA.*

શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેર બહાદુર
નામદાર મહારાજા. સર શિયાજીરાવ ગાયકવાડ
જી. સી. એસ. આઈ.

નું

# જીવનચરિત્ર.


કર્ત્તા

ભગુભાઈ રામશંકર જાની.

આસિસ્ટંટ માસ્તર ગવરમેંટ બ્રાંચ સ્કૂલ.

સુરત.



મુંબઈ:

એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં છાપ્યું.





ઈ. સ. ૧૮૮૮.

કિંમત રૂપીઆ ૫.

To

J. A. BAINES, ESQUIRE, C.S.,

GOVERNMENT AGENT AND ACTING

COLLECTOR OF SURAT,

THIS LIFE

OF HIS HIGHNESS & MAHARAJA SIR

SAYAJIRAO GAIKWAR, G.C.S.I.,

IS, WITH HIS SPECIAL AND KIND

PERMISSION, MOST RESPECTFULLY

Dedicated

BY HIS MOST OBEDIENT SERVANT,

B. R. JANI.

મેહેરબાન જે. એ. બેઇન્સ સાહેબ

એસક્વાયર, સી. એસ.,

ગવરમેંટ એજંટ

અને સુરતના આક્ટિંગ કલેક્ટર સાહેબ બાહાદુરને,

પ્રૌઢ પ્રતાપી

નામદાર મહારાજા સર શિયાજીરાવ ગાયકવાડ

જી. સી. એસ. આઈ.

નું,

આ જીવનચરિત્ર તેમની ખાસ અને કૃપાયુક્ત આજ્ઞાથી,

કર્તાએ અતિ વિનયપૂર્વક

અર્પણ કર્યું છે.

લી. નમ્ર આજ્ઞાંકિત સેવક,

ભ૦ રા૦ જાની.



૯ ૩૬૨૯

# કર્ત્તાની વિનંતી.

પરમેશ્વરનો મનુષ્ય ઉપર હરદમ હજારો હજાર એહેસાનનો વરસાદ વરસેલો છે અને વરસતો જાયછે. તેનીજ કૃપાથી મનુષ્ય જાત આ દુનિયાની હરેક વસ્તુ ઉપર તેમજ સર્વથી ભયંકર જંગલનાં પ્રાણીઓની ઉપર પણ શ્રેષ્ઠતા ભોગવેછે. તેનું કારણ એટલુંજ છે કે મનુષ્યજાતને પરમેશ્વરે જ્ઞાનની કુંચી આપીછે. જે કુંચીવડે તેઓ ખરા ખોટાનો, ધર્મ અધર્મનો, નીતિ બદીનો, અને સારાં માઠાં કામો કરવાનો દરવાજો ઉઘાડેછે. એટલું સમજી તેમજ આ દુનિયાના રાહાઘાટનો થોડોઘણો મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે તમાસો જોવાથી અને તે કિરતારની મેહેરબાનીથી આ પુસ્તકનો જન્મ આપવાનો હેતુ મારા દિલમાં પેદા થયો. અને દુનિયાની સેવા બજાવ્યા ઉપરાંત મેં મારી જીંદગીનો કિમતી વખત બદફેલીમાં અને ખોટાં કામોમાં તેમજ સુસ્તીમાં ન ગુજારતાં આ પુસ્તક પાછળ રોકયો.

૨ હિંદુસ્તાનનો સણગાર દેશી રાજાઓથી સદાકાળ જે દીપતો આવ્યો છે તે આખી આલમને મોજુદ છે. પણ મારી અલ્પ સમજ પ્રમાણે દિન પર દિન તે દીપકમાં વધારો થવાને બદલે ઓર ઘટાડો થતો નજર આવેછે. અને આ પુસ્તકના પ્રિય વાંચનારાઓ વગર આચકો ખાધે તે કબુલ કર્યા વિના રેહેશે નહીં. કેમકે ઘણાંક રાજ્યો જે દિન પર દિન તૂટતાં ગયાં છે તેનું કારણ એજ છે કે ઉગતા રાજ-

વંશીઓ પોતાના દેશની સ્થિતિને કેમ સુધારવી અને ખેડવી તેના મૂળતત્વો શોધી કહાડવાને બદલે રાતદિન પોતે એશ-આરામમાં તેમજ ઓરતોના છંદમાં અને મોજશોખમાં લાખો અને કરોડો રૂપીઆની પોતાના દેશની ઉપજને ધૂળધાણી કરવામાં સદા ગાફેલ રેહેછે, તેથી કમનસીબે એવા રાજાઓને આપણી માયાળુ અંગ્રેજ સરકારને વચમાં પડી પદભ્રષ્ટ કરવાની જરૂર પડેછે. અને તેમ કેટલાક રાજાઓ પદભ્રષ્ટ થયલા આપણી નજરમાં તેમજ, આપણી જાણમાં આવી ગયાછે. એવા પદભ્રષ્ટ રાજાઓ પોતાનીજ માઠી ચાલને લીધે ખરાબ થયા નથી, પણ તેઓ તરફથી સોંપવામાં આવેલી રાજ્યની લગામ ચલાવનારા અમલદારોની પણ ઊંધી અને કઢંગી ચાલચલણોને લીધે આવાં માઠાં પરિણામો નિપજતાં જાયછે. દરેક રાજ્યની આબાદાનીનો મુખ્ય આધાર રાજાપર તેમજ રાજ્યના મુખ્ય અમલદારો ઉપર પણ રેહેછે.

૩. આજ ઘણાંક વર્ષો થયાં ગાયકવાડ સરકારની રાજ્ય ચલાવવાની રૂઢીને હું સદા ખંતથી જોતો આવ્યોછું. તેમાં આગલા થઈ ગયલા મહારાજાઓએ ગાયકવાડીમાં જેટલી ખરાબી ગુજારીછે તેથી ઉલટા દશ હિસ્સે સરસ હાલના ચાલાક અને પ્રામાણિક તેમજ વિદ્વાન નવજવાન મહારાજા શિયાજીરાવ દેશની આબાદી કરવામાં, પોતાની ગરીબ અને રાંકડી રૈયતના સુખમાં વધારો કરવામાં, રૈયતનાં ઉપર પડતાં સંકટો દૂર કરવામાં, દેશની ખેતીવાડીઓને ખિલવવામાં, પ્રજાના સુખને માટે ધર્મશાળાઓ, દવાખાનાંઓ, બાગબગીચાઓ વિગેરે અનેક પ્રકારની ગોઠવણો કરવામાં આજે

દેશી રાજાઓમાં પેહેલે નંબરે માન ધરાવેછે. એમની અગાઉ લંબાણ વર્ષોપર મહારાજાઓ ગણપતરાવ, ખંડેરાવ અને મલ્હાલરાવ એ સર્વે માજી મહારાજાઓ હાલના મહારાજા શિયાજીરાવના ચાલતા અમલ સાથે સરખાવતાં એક લેશ માત્ર પણ સરસ નિવડ્યા નથી. એટલુંજ નહિ પણ તેઓની ખરાબીનો અંશ આજપર્યંત લોકોના જીગરમાં કોતરાઈ રહેલોછે. અને તેની જે કાંઈ રૂઝ મળીછે તે સર્વે હાલના ચાલાક અને આગ્રહી મહારાજા શિયાજીરાવના પ્રતાપથીજ છે. જે નામદારની ખરી ખુબીનું આજ સુધીની જીંદગીનું વર્ણન તેમધ્યે એમની બાહોશી, ચાલાકી, હિંમત, સ્વતંત્રપણું, દેશને ખિલવવાનો ઉમંગ, સખાવત અને એમને માટે બહાદુરીનો ઉઠેલો પ્રજાપોકાર આ પુસ્તકમાં સંપૂર્ણ રીતે દર્શાવીને એમની એક સુંદર તસવીર સહિત બાહાર પાડવાની મેં મારી ખરેખરી વાજબી ફરજ બજાવીછે. આશા છે કે એ પુસ્તકને પ્રજા એક અવાજે કબૂલ તથા પસંદ કરશે. અને નામદાર મહારાજા શિયાજીરાવના ધ્યાનમાં જો આ મારૂં પુસ્તક ખરેખરૂં, વાજબી અને ઘટતી તકે નીકળેલું લાગશે, તો હું એમજ સમજીશ કે મને મારી લીધેલી મેહનત તથા ખરચેલા દ્રવ્યનો બદલો સંપૂર્ણ મળ્યો.

કર્ત્તા,

**ભગુભાઈ રામશંકર જાની.**

વતની એરથાણના.

## નામદાર મહારાજા સર શિયાજીરાવ ગાયકવાડ
### જી. સી. એસ. આઈ. નું જીવનચરિત્ર.

## ઈશ્વરસ્તુતિ.

### સ્ત્રગ્ધરા વૃત્ત.

વેદે શાસ્ત્રે પુરાણે સુર મુનિ કવતાં પારે જેનો ન પામ્યા,
યોગીઓ સ્નિગ્ધ ધ્યાને અચળ મન ધરી નીરખી ના વિરામ્યા;
આ જૂગે ભક્ત લોકે વિવિધ વિધિ વડે ભક્તિ કીધી સકામ,
આકારે રંગ રૂપે, પણ નહિ દિસતો જેહ, તેને પ્રણામ. ૧

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

શકતી છે અદભૂત ઈશ્વર તણી કોએ કળીના જતી,
સંસારી, ખટરાગિ, સાધુ, ગુરૂઓ શોધે સતીને યતી;
જ્ઞાની પંડિત ફીલસૂફ સઘળા થાકયા વિવાદે વઢી,
તોએ ના નિરખી શકયા છબિ પ્રભૂની દિવ્ય તેજે મઢી. ૨

### મંદાક્રાંત વૃત્ત.

માયા મ્હોટી કરમકુટની સ્થાપતી ને ઉથાપે,
ન્હાના મ્હોટા ગરિબધનિને સર્વને એક માપે;
મોહે નાખી નરમ નયને સૂખ આપી ફસાવે,
જૂઠી સાચી સબળ અબળા વિશ્વમાં રંગ લાવે. ૩

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

એ માયા સ્રજનાર ઈશ્વર તમે અદ્ભુત લીલા કરી,
ઊપાધી રચિ વિશ્વની રમતમાં રાચી રહ્યા શ્રીહરી;
તોયે નિર્ગુણ લેપ હીણ મુનિઓ બોલે વળી ને વળી,
અંધારે અથડાઈ પાય પડવા આવું હું વાંકો વળી. ૪
મ્હારી અલ્પ મતી મહા મુરખની જ્ઞાન ગતી સાંકડી,
માથે હાથ વડા પિતા તમ તણો નાંખો ખિલે રાંકડી;
છો વાદી નટ વિશ્વની રમતના જાદૂ ભરી લાકડી,
આ માથે અડતાંજ ગ્રંથ લખવા શક્તી થશે ક્રાંકડી. ૫
રાજા અંશ ગણાય છે ઇશ તણો આ લોક એને ચહે,
પામે વાંછિત દેવ ભુવન જતાં, કે જાય રાજા ગૃહે;
આખા અંતરહીતને વરણવા મ્હારી ન મ્હોટી મતી,
તેથી અંશતણું ચરિત્ર લખવા આતુર છું હું અતી. ૬
દેવોથી વરશ્રેષ્ઠ દેવ જગના આદી પિતા વીનવું,
આપે તું વરદાન ભક્તજનને શું હોય એમાં નવું;
લે સંભાળ વિવેકથી વિનયધારી બાળની સાંભળી –
વીનંતી કરજે સહાય, કરવા, વાણી રસાળી ગળી. ૭

---

### આર્યા વૃત્ત.

યાજ્ઞિક કુળમાં જન્મ્યો, રામતણો પુત્ર નામ ભગુભાઈ,
બાળક માફક ચાલું, પડતો રક્ષણ કરો પ્રભુ ધાઈ. ૮

# ગાયકવાડ કાશીરાવ દાદા.

વડોદરાની ગાદીના શુભ પાયો નાંખનાર પિલાજીરાવ ગાયકવાડ હતા. જેમના બીજા પુત્ર પ્રતાપરાવના વંશથી હાલના નામદાર ગાયકવાડ મહારાજા શિયાજીરાવ ઉતરેલા છે. જોકે વડોદરાના માજી ગાયકવાડોના સંબંધ સાથ સરખાવતાં હાલના જુવાન મહારાજા શિયાજીરાવ કંઈ પાદશાહી લોહીમાં કે પાદશાહી ખાનદાનમાં ઉતરતા નથી. પરંતુ ગાયકવાડી રાજ્યની લગામ એમને સોંપવામાં આવી તે એમના દૂરના સંબંધથી દૂર જાયછે. પણ ભાગ્યદેવીએ ગાયકવાડી રૈયતની પચ્ચિશ લાખ માણસની વસ્તી ઉપર હુકુમત ચલાવવાને રાજાના પદવિ બનાવવામાં એમના ઉપર સંપૂર્ણ જોર માર્યુંછે. નામદાર મહારાજા શિયાજીરાવના પિતાનું નામ કાશીરાવ દાદા હતું. અને તેઓ ખાનદેશમાં કવળાના નામે ગામમાં વસતા હતા. ખાનદેશ જીલ્લામાં શિયાજીરાવ મહારાજાના કુટુંબને ગાયકવાડના એલકાબ-થીજ ઓળખતા હતા. ઈ. સ. ૧૮૭૫ માં મહારાજા ખંડેરાવની * અસ્મતપનાહ મહારાણી જમનાબાઈને અંગ્રેજ સરકારની સંમતીથી દત્તપુત્ર કરી લેવાનો અને તેને ગાદી સોંપવાનો હુકમ થયો. તેથી મહારાણી જમનાબાઈની ખાએશ ઉપરથી ખાનદેશના પોલીસ અમલદાર મિ. પ્રેસ-

* વિધવા.

કાટે એ ગાયકવાડ કાશીરાવ દાદાના ત્રણ પુત્રો નામે આનંદરાવ, ગોપાળરાવ તથા સંપતરાવને વડોદરા ખાતે મહારાણી જમનાબાઈની હુજુરમાં લાવી હાજર કર્યા. અને ત્યાં આ કાશીરાવ દાદાના વચલા પુત્રની બાહોશી, ઝડપ અને ચંચલાઈથી તેમજ એમનું સોહામણું રૂપ મહારાણી જમનાબાઇને પસંદ પડવાથી તથા એમની ભાગ્યદેવીએ પોતાનો તેજી પ્રકાશના અંશનો ઝળકાટ એવો તો મહારાણી જમનાબાઈ ઉપર નાખ્યો કે તેથી મહારાણીજી એમના ઉપરજ પ્રસન્ન થઈ ગયાં અને એકદમ એમનેજ દત્તક કરવાનો ઠરાવ કીધો. ઈ. સ. ૧૮૭૫.

# વંશાવળી.

**૧ પીલાજીરાવ—ગાયકવાડ. (વડોદરાની ગાદીના સ્થાપનાર).**
(ઇ. સ. ૧૭૩૦ થી ૧૭૩૨ સુધી).

- ૨ દમાજીરાવ. (ઇ. સ. ૧૭૬૮ સુધી).
  - ૩ શિયાજીરાવ. (ઇ. સ. ૧૭૭૮ સુધી) — ૦
  - ૪ ફતેસિંહરાવ. (ઇ. સ. ૧૭૮૯ સુધી) — ૦
  - ૫ માનાજીરાવ. (ઇ. સ. ૧૭૯૩ સુધી) — ૦
  - મલ્હારરાવ. — ૦
  - ૬ ગોવિંદરાવ મહારાજ. (ઇ. સ. ૧૮૦૦ સુધી)
    - દમાજીરાવ. — ૦
    - ૭ આનંદરાવ મહારાજ. ઇ. સ. ૧૮૧૯ સુધી. — ૦
    - ફતેસિંહરાવ. — ૦
    - ૮ શિયાજીરાવ મહારાજ. ઇ. સ. ૧૮૪૭ સુધી.
      - ૯ ગણપતરાવ મહારાજ. (ઇ. સ. ૧૮૫૬ સુધી) — ૦
      - ૧૦ ખંડેરાવ મહારાજ. (ઇ. સ. ૧૮૭૦ સુધી)
      - આનંદરાવ ઉર્ફે નાનાસાહેબ. — ૦
      - ગયાજીરાવ ઉર્ફે ભાઉસાહેબ. — ૦
      - ૧૧ મલ્હારરાવ મહારાજ. (ઇ. સ. ૧૮૭૫ માં) પદભ્રષ્ટ. — ૦
      - યશવંતરાવ ઉર્ફે બાબાસાહેબ.
- પ્રતાપરાવ.
  - કાનોજીરાવ.
    - ગબાજીરાવ.
      - ભીકાજીરાવ.
        - કાશીરાવ.
          - આનંદરાવ.
          - * ૧૨ શિયાજીરાવ, હાલના મહારાજ. મૂળનામ—ગોપાળરાવ (ઇ. સ. ૧૮૭૫ થી.)
          - સંપતરાવ.
- ખંડેરાવ (કડી.)
  - મલ્હારરાવ (કડીવાળા.)
- બીજા કેટલાક.

---

* મહારાજ ખંડેરાવની અખ્તતપનાહ મહારાણી જમનાબાઇ સાહેબે ખોળે લીધા

# મહારાણી જમનાબાઈનો દત્તક.

ગાયકવાડી રાજ્યના માજી મહારાજાઓ ગણપતરાવ, ખંડેરાવ અને મલ્હારરાવ એ સઘળાઓને પેટે કંઈ પણ સંતાન ન હોવાને લીધે, એક એકની કજાએ વડોદરાની ગાદી તેઓના ભાઈઓ ચલાવતા આવ્યાછે. છેલ્લું રાજ્ય માહારાજા ખંડેરાવે ચલાવ્યા બાદ, તેમના ભાઈ મહારાજા મલ્હારરાવને ગાદી સોંપવામાં આવી. આ જગ્યાએ મારે જણાવવું જોઈએ કે મજકુર મહારાજાઓએ જેવી રીતે પોતાના બહોળા વિસ્તાર પામેલા મુલકોને ખિલવવા અને આબાદ કરવા જોઈએ તેવી રીતે કરશું ન કરતાં ઓર આવાં મ્હોટાં મહાભારત રાજ્યની સેંકડો દરજજે ખરાબી કીધી હતી. તેથી ગાયકવાડીમાં એટલું બધું અંધેર ચાલ્યું હતું કે બિચારી ગરીબ અને રાંકડી રૈયત ત્રાહે ત્રાહે પોકારી રહી હતી. છેવટે જ્યારે હદથી બેહદ મહારાજા મલ્હારરાવની ખરાબીના પોકારો નામદાર માયાળુ બ્રિટિશ સરકારના કાન પર આવ્યા, તે એટલે સુધી કે રેસિડંટની ઉપર કેટલીક ખરાબીઓ ગુજરી, તેને લીધે નામદાર બ્રિટિશ સરકારે એકદમ તપાસ કરી તેમને પદભ્રષ્ટ કીધા. એટલુંજ નહિ પણ તેમને કેદ પણ કીધા. તે કેટલાંક વર્ષ સુધી અંગ્રેજ સરકારની દેખરેખ હેઠળ કેદમાંજ રહી મરણ

પામ્યા. આ વખતે રાજ્યની લગામ કોને સોંપવી એ એક સવાલ ઊભો થયો. કેમકે મહારાજા મલ્હારરાવને ઓલાદ સહિત પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા. તેથી મહારાજા ખંડેરાવની અસ્મતપનાહ મહારાણી જમનાબાઈએ આગળ દર્શાવ્યા પ્રમાણે પોતાના વંશના સગપણમાંથી નામદાર બ્રિટિશ સરકારની સંમતીથી હાલના આ ચાલાક નવજવાન મહારાજા કે જે નામદારનું મૂળ નામ ગોપાળરાવ હતું તે બદલી શિયાજીરાવ નામ ધારણ કરાવી દત્તક લઈને પોતાના હકદાર પુત્ર અને ગાદીના વારસ ઠરવ્યા. તા. ૨૭ મે સને ૧૮૭૫.

# કેળવણી.

મહારાજા મલ્હારરાવને નામદાર બ્રિટિશ સરકારે ઈ. સ. ૧૮૭૫ માં તેની માઠી ચાલચલણને લીધે પદભ્રષ્ટ કીધા પછી મહારાણી જમનાબાઈએ હાલના મહારાજા શિયાજીરાવને પોતાના ગાદીના વારસ અને દત્તપુત્ર ઠેરવ્યાથી, તેમજ એ વખતે એ નામદારની ઉમ્મર ફકત ૧૨ વર્ષની હોવાથી, નામદાર અંગ્રેજ સરકારે ભવિષ્યમાં રાજ્યની લગામ સારી રીતે ચલાવે, તે હેતુથી, એ બાળક ઉપર પુરતી અને મજબુત દેખરેખ રાખી. એટલુંજ નહિ પણ ઉંચા પ્રકારની અને રાજ્યને છાજતી કેળવણી આપવાને માટે એક વિદ્વાન, કાબેલ અને પૂર્ણ અનુભવી યુરોપીઅન પ્રોફેસર એફ. એચ. ઈલીયટ સાહેબ ઉપરાંત બીજા કેટલાક શિક્ષકોને જુદી જુદી ભાષાઓ શીખવવા માટે નિમ્યા. તેમના હાથ નીચે એ તરૂણ બાળકને કેળવણી આપવામાં આવી. નજદીક સાત વર્ષ સુધી પુરતી રીતે કેળવણી લીધાથી, આ નવજવાન મહારાજાએ અંગ્રેજી ભાષાનો પુરતો અને સંગિન અભ્યાસ કીધો. તે એટલે સુધી કે અંગ્રેજી ભાષા પૂર્ણ રીતે વાંચવા લખવામાં અને એ ભાષાના કાયદા કાનુનો સમજવામાં પુરતી કુશળતા ધરાવતા થયા. એ શિવાય ગુજરાતી, મરાઠી અને સંસ્કૃત એ ત્રણ ભાષામાં પણ પુરતી ખબરદારી મેળવી. એટલુંજ નહિ પણ તેની સાથે ગણિત, વ્યાકરણ, ભૂગોળ, ઈતિહાસ તેમજ અર્થશાસ્ત્ર વિગરે વિદ્યાની કેળવણી ઉપરાંત અંગકસરત, ઘોડે બેસવું, મૃગયા રમવું વિગેરેને પણ વિસારી મૂકવામાં આવ્યાં ન હોતાં.

# દિલ્હી દરબાર.

ઈ. સ. ૧૮૭૭ તા૦ ૧ લી જાનેવારીને રોજ આપણી નામદાર માયાળુ મહારાણી વિકટોરિયાને ઇંગ્લાંડ દેશની પાર્લ્યમેંટની ખાસ મંજુરીથી એમપ્રેસ ઑફ ઇંડિયાનો એ-તાબ આપવામાં આવ્યો. તે વખતે હિંદુસ્તાનમાં ખાસ મહારા-ણીજી તરફથી આવેલા સુબાઓએ આ શુભ ટાંકણાંની ખુશ ખુશાલીમાં જૂદે જૂદે ઠેકાણે ભારે દબદબા સાથે દરબારો ભરી રાજાઓ, સરદારો અને અમીર ઉમરાવો વિગરેને નામદાર મહારાણીજી તરફનો ઢંઢેરો વાંચી સંભળાવી તેઓને સોંપેલા હક અને સ્વતંત્રતા ઉપર લંબાણ વિવેચન કરી ખાસ એતાંબો બક્ષ્યા હતા. તેજ પ્રસંગે સૌથી ભારે દબદબાભરેલી એક દિલ્લી શેહેરમાં દરબાર ભરવામાં આવી હતી. અને તે મધે આ નવજવાન ચંચળ મહારાજાને ખાસ આમંત્રણ કરવામાં આવ્યું હતું. મચકુર દબદબા ભરેલી દરબારમાં મહારાણીજી એમપ્રેસ ઑફ ઈંડિઆના સરેસુબાએ ઘટતા શબ્દોમાં એ નામદારની તારીફ કરી "ફરજંદે ખાસ દોલતે ઇંગ્લિશિઆ" નો માનવંતો શુભ અને અસરકારક તેમજ વફાદારીની નિશાની બતાવનારો એક ખિતાબ એમને ભર દરબારની સમક્ષ બક્ષ્યો. આ દબદબા ભરેલા મેલાવડાનું કામ ખલાસ થતાં આ નામદાર મહારાજા શુભ સુકને પોતાના પાયતખ્ત શેહેર વડોદરા મધે પાછા પધાર્યા હતા. વળી

આ પ્રસંગે આપણી માયાળુ કૈસરે હિંદ તરફથી આ નામી-
બદાર મહારાજાને-એક વાવટો પ્હોંચાડવામાં આવ્યોછે.
આ વાવટો સુશોભિત સ્થંભ ઉપર લટકાવેલો છે. અને તે
પાનના આકારે રેશમી ઉંચા કપડાની ફરતી રંગબેરંગી
ઝાલરો તથા ફુમતાથી સણગારેલોછે. એટલુંજ નહિ પણ
સ્થંભને મથાળે આપણાં અતી માનવંતા નામદાર મહારાણી
સાહેબના નામનો આકાર બનાવી નીચે ચોરસ તકતીમાં
એક બાજુએ ( અંગ્રેજી અક્ષરે ) "હિઝ હાઈનેસ ધી મહા-
રાજા ઓફ બરોડા" તેમજ બીજી બાજુએ "ફ્રોમ વિક્ટો-
રિયા એમપ્રેસ ઓફ ઈંડિયા" એપ્રમાણે લખેલું છે. વળી
વચ્ચેના ભાગમાં "કૈસરે હિંદ કે હજુરસેં" એમ પણ લખ-
વામાં આવ્યુંછે.

## લગ્ન.

આ કુલિન મહારાજા શિયાજીરાવ નીતિના બાબમાં બચપણથીજ ઉત્તમ પ્રકારની દૃષ્ટી રાખતા આવ્યાછે. અને તેની ખરેખરી સાબીતી એ રાજ્યના કેટલાક આગેવાની ધરાવનારાઓના મગજમાં સંપૂર્ણ રીતે ઊતરવાથી પેહેલ પ્રથમતો તેઓએ એમને માટે નીતિની બાબતમાં ઘણી દેખરેખ રાખવાની કાળજી ધરાવી. પણ પાછળથી તેઓએ પોતાના આગલા સઘળા વિચાર અને મેહેનત દૂર કીધાં. અને ઈ. સ. ૧૮૮૦ ના જાનેવારી માસની તા. ૬ ઠીને રોજ આ નામદાર મહારાજા શિયાજીરાવના લગ્ન તંજાવરની કુંવરી લક્ષ્મીબાઈ સાથે કરવામાં ભારે ઠાઠમાઠથી એ શુભ કામ પાર ઉતાર્યું. નામદાર મહારાજા શિયાજીરાવે આ પતિવ્રતા મહારાણીજીનું નામ બદલીને પાછળથી ચિમનાબાઈ રાખવામાં પોતાનો હર્ષ જાહેર કીધો હતો. પણ કમનસીબે ઈ. સ. ૧૮૮૫ માં મજકુર મહારાણીની ખેદકારક કજા બનવાથી પાછળથી તેજ સાલની આખરે મહારાજાએ પોતાનું બીજી વારનું લગ્ન દેવાશના રાજાનાં કુટુંબની કન્યાસાથે કીધું. અને તેમનું નામ પણ ચિમનાબાઈ રાખવામાં આવ્યુંછે. પ્રભુ આ જોડું અખંડ રાખે એવી કર્ત્તાની ઈશ્વરની હજુરમાં સદૈવની પ્રાર્થના છે.

# રાજ્યાભિષેક.

ઈ. સ. ૧૮૮૧ ની સાલમાં હિંદુસ્તાનના દેશી તેમજ અં-ગ્રેજી છાપાવાળાઓએ ખરેખરી પોતાની તપાસ ચલાવીને પોતાના પત્રદ્વારે નામદાર બ્રિટિશ સરકારના કાન ઉપર જબરા પોકારો ઉઠાવ્યા; અને આ નવજવાન ચંચળ મહા-રાજા શિયાજીરાવને ગાયકવાડી રાજ્યની લગામ સ્વતંત્રપણે આપવાની સૂચનાઓ દર્શાવી. આ ઉપરથી તેમજ અંગ્રેજ સરકારની પોતાની ખાત્રીને લીધે મજકુર સાલમાં ભારે ધામધૂમ સાથે આ નસીબદાર મહારાજાને ગાદી સોંપવાની ક્રિયા કરવાનો આપણા લોકપ્રિય નામદાર વાયસરોયની સલાહથી નામદાર મુંબાઈની સરકારે ઠરાવ કીધો અને તેપ્રમાણે ખાસ વડોદારા શેહેર મધ્યે નામદાર ગવરનર સાહેબે આજુબાજુના રાજાઓ, સરદારો તેમજ બીજા અં-ગ્રેજી અમલદારોની સમક્ષ ભારે ઠાઠમાઠથી દરબાર ભરી તેમધે નામદાર માજી ગવરનર સાહેબ બહાદુર સર જેમ્સ ફરગ્યુસને, નામદાર વાયસરોયનો ખરીતો વાંચી સંભળાવ્યા બાદ પોતે એક સુભાષિત અને અસરકારક ભાષણમાં રાજ્યને લગતા સારા માઠા વિચારો દર્શાવીને છેવટ એવો આશીર્વાદ દીધો કે "જે વરિષ્ઠ શક્તિથીજ રાજાઓ રાજ્ય કરેછે તથા નૃપતીઓ ન્યાય કરેછે તે શક્તિ આપને પસંદ કરશે તથા નિભાવી લેશે." એટલું કહી આ મહારાજાને રાજ્યની લગામ સોંપી. તા ૨૮ મી ડીસેંબર. આ દરબાર વખતે

મહારાજાને છાજતું સઘળું માન અકરામ આપવામાં આવ્યું હતું. એટલુંજ નહિ પણ આ પ્રસંગે નામદાર ગવરનર સાહેબ બહાદુરના ભાષણનો નામદાર મહારાજાએ, પોતે એક છટાદાર તેમજ મનને હેરત ઉપજાવનાર ભાષણ કરી યોગ્ય ઉત્તર આપ્યો હતો. અને તેજ પ્રમાણે નામદાર મહારાજા હજુની ઘડી વર્ત્તેછે. જે બીજા રાજવંશીઓને ધડો લેવા યોગ્ય છે. ત્યારબાદ આ રાજ્યાભિષેકની ક્રિયાની ખુશાલી માટે ખાસ કિમતી અને સારા અનુભવી અમલદારોને કેટલાક કિમતી પોશાકો, સોનાનાં ઘડીઆલો વિગેરે બક્ષિસો આપવામાં આવી. અને આ ક્રિયા ખલાસ થઈ રહ્યા પછી હથીઆરબંધ લશ્કરોની ટુકડીઓ સહિત હાથીની ઉપર નામદાર મહારાજાને બેસાડીને શેહેરના કેટલાક ભાગોમાં ભારે ઠાઠમાઠથી સ્વારી કાઢવામાં આવી હતી. એ સ્વારી મધ્યે કેટલાક કિમતી અમલદારો અને સરદારો પણ સામેલ હતા. તેજ પ્રમાણે રૈયતે પણ જગે જગ અને ગલીએ ગલીએ તરેહ તરેહની ઠાઠમાઠો, રમુજો અને અનેક કિસમની રમતોમાં એ શુભ દિન ગુજાર્યો હતો. આ પ્રસંગે એમના તરફ લોકોની લાગણી કેટલી હતી તે મને લખ્યા વિના ચાલતું નથી. તે એ છે કે જે દિને આ મહારાજાને રાજ્યાભિષેક કરવાની ક્રિયા કરવામાં આવી હતી, તેજ દિને એમના તાબા તળેના મુલકોના સઘળા દેવસ્થળોના સાધુ તથા બ્રાહ્મણોએ ઈશ્વરની પ્રાર્થના કરી એકકે અવાજે એવું માગ્યું હતું કે આ જવાન મહારાજા ઘણું જીવો. અને એ રાજ્યની પવિત્ર લગામનો સારો ઉપયોગ કરીને ભવિષ્યમાં સારાં ફળ નિપજાવો.

# માહાલોમાં મુસાફરી.

આ ભાગ્યશાળી મહારાજાએ ગાયકવાડી રાજ્યની લગામ હાથમાં ધરતાં અને પોતાનાં શુભ પગલાં ગાયકવાડી તખ્તના રકાબ ઉપર મૂકતાંજ થોડે વખતે પોતે પેહેલ પ્રથમતો એજ વિચાર બાંધ્યો કે ગાયકવાડી બાવન માહાલની એકવાર પોતે જાતે જઈને ભેટ લેવી. અને ત્યાં કઈ કઈ પ્રકારનાં સંકટોની અંદર લોકો રીબાયછે તેની બારીકીથી શોધ કરવી. તેમજ જૂના ખાઈ બદેલા અધિકારીઓને સન્મુખ બોલાવી તેઓની નીતિ રીતીની પણ જાતે તપાસ કરી તેઓને માટે ઘટતા ઈલાજો અને ફેરફારો કરવા. એવો વિચાર મનમાં લઈ પોતે ઘણાં માણસો સહિત ભારે ઠાઠમાઠથી સ્વારીઓ કાઢી. અને પોતાના દરેક માહાલમાં ફરી થોડા થોડા દિવસ ત્યાં વાસો રહી, ત્યાંની રૈયતની અંદર પોતે જાતે ફરીને તેઓની ઉપર પડતાં સંકટોની દાદ સાંભળી. અને ત્યાંના જૂના હકુમત ચલાવનારા અધિકારીઓને પોતે જાતે બોલાવી આગલો પાછલો ખુલાસો લઈ દરેક મુકામે દરેક ગામ મધ્યે રસ્તા તથા બાંધકામો સુધારવાની તપાસ કરી તેની સઘળી નોંધ પોતાને હાથે પોતાની નોટબુકમાં ઊતારી લીધી. નજદીક બબે ત્રણ ત્રણ માસ એ મુસાફરીઓ કરી પોતાના પાયતખ્ત શેહેર વડોદરા મધ્યે પાછા આવ્યા હતા. એ મુસાફરીઓના દરમ્યાનમાં મહા-

રાજાએ ઘણા ગરીબ લોકોને પૈસો તમજ વસ્ત્રાદિ વેહેંચવામાં કશી રીતની કસર રાખી નહિ. વળી દરેક ગામના લોકો આ નવા મહારાજાના દર્શન કરવા માટે ઘણા આતુર અને આનંદ પામતા દેખાતા હતા. તે વખતે જે કોઈ પોતાના ઉપર પડતાં દુઃખોની અરજી મહારાજાને આપતા તે તેઓ ઘણી ખુશીથી સ્વીકારતા અને તેમને તેની પૂરતી દાદ મળવા વિશે સંગિન દિલાસો આપી લેતા હતા.

# કલકત્તાની મુસાફરી.

ઈ૦ સ૦ ૧૮૮૩ માં આ હિમ્મતવાન બહાદુર મહારાજાએ એક અતિ શુભ અને આગળ પડતું પગલું ભર્યું હતું. તેની નોંધ આ જગ્યાએ પ્રિય વાંચનારાઓની જાણમાં લાવવા ખાતર તેમજ કેટલાક દેશી રાજા રાણાઓના અસલી અને જૂના વિચારો ફેરવવા ખાતર આ જગ્યાએ ટાંકવાની રજા લઉંછું. તે એજ કે આ નવજવાન મહારાજા પોતાની મરહુમ મહારાણી ચિમનાબાઈને સાથે લઈને આપણા લોકપ્રિય હિંદુસ્તાનના અતિ માનવંતા ગવરનર જનરલ સાહેબ બહાદુરની મુલાકાતે કલકત્તે ગયા હતા. અને ત્યાં એમને છાજતું સઘળું માન અકરામ તે નામદાર તરફથી આપવામાં આવ્યું હતું. એટલુંજ નહિ પણ એમની અને એમના મરહુમ મહારાણીજીની ભારે હર્ષથી ભેટ લીધી હતી. તેમજ કેટલાક દિવસ સુધી ખાસ પોતાના પરોણા તરીકે આ નસીબદાર રાજારાણીને રાખ્યાં હતાં. આ પ્રસંગે નામદાર મહારાજાની રીતભાત તથા એમની સર્વ પ્રકારની ચાલચલણ બેહદ તારીફ લાયક મચકુર જણાવેલાં મહારાણી એમપ્રેસ ઓફ ઇંડિઆ તરફના લોર્ડ અને લેડી તરફ દર્શાવવામાં કોઈ પણ રીતે કસર માલમ પડી નહિ હતી. આ મુલાકાત ખતમ કર્યાબાદ કેટલીક રીતભાતનો અનુભવ મેળવવા ખાતર પોતાનાં પાયતખ્ત શેહેર વડોદરે આવતાં રસ્તામા

કાશી, અલાહાબાદ, આગ્રા, વિગેરે શેહેરની ભેટ લીધી હતી. અને ગ્વાલીઅરના આલીજાહાં મહારાજા સિંધીઆ સાહેબ બહાદુરે એમને પોતાના પરોણા તરીકે થોભવાની ખાએશ જણાવ્યાથી નામદાર મહારાજા સાહેબને ત્યાં અટકવું પડયું હતું. મશારનિલ્હે મહારાજાની શ્રી સિંધીઆ સાહેબે બેહદ પરોણાગત કરી બંને મહારાજાઓ એક એકને ભેટયા. બાદ ખુશ ખુશાલીમાં નામદાર મહારાજાએ પોતાની આ કલકત્તાની મુસાફરીનું છેવટ આણ્યું.

# કેળવણી ખાતું.

પોતે પોતાની મુસાફરીમાં સઘળા માહાલોમાં ફરીને જેજે માહાલોમાં કેળવણીના ખાતાની જરૂર જણાઈ તે સઘળે ઠેકાણે આ વિદ્વાન મહારાજાએ હજારો અને લાખો રૂપીઆ ખરચીને કેળવણી ખાતાનાં બાંધકામો કીધાં. એટલુંજ નહિં પણ ત્યાં બાહોશ અને અનુભવી શિક્ષકો રાખવાને અને કેળવણી ખાતું ચલાવવાને માટે સઘળો અખ્તિઆર પોતાના કેળવણી સંબંધી આગ્રહી વિદ્વાન રાવબહાદુર હરગોવિંદદાસ દ્વારકાદાસ જે ઘણા અનુભવી પંડિત નર આજે કેળવણી ખાતામાં એક ખરા નુરમંદ અને ચકચકિત હીરાની માફક પ્રકાશી રહ્યાછે તેમને ડિરેકટરનો ઓધો આપીને સોંપ્યાછે. અને એમનાથી તેનાં પરિણામ એ નીપજ્યાં છે કે જે ગામોમાં જ્યાં કોઈ કાળા અક્ષરને કુટી મારતું હતું ત્યાં આજે કેળવણીનો મજબૂત ફેલાવો માલમ પડેછે. વળી પોતાનાં પાયતખ્ત શેહેર વડોદરા મધ્યે તો આ વિદ્વાન નવજવાન મહારાજાએ લાખો રૂપીઆ ખરચીને કોલેજ બંધાવી છે. ત્યાં ઉંચા પ્રકારની કેળવણી આપવામાં આવેછે. તેમજ પોતાની કોલેજના ડિગ્રી મેળવેલા વિદ્યાર્થીઓનેજ પોતાના રાજ્યમાં ખાસ આબરૂના ઓધ્ધાઓ આપી રાખવામાં પણ આવેછે. હું હિમ્મતથી કહું તો આવી રીતની રૂઢી બીજા દેશી કોઈ પણ રાજ્યમાં આપણને જવલેજ માલમ પડશે. દરેક

રાજ્યની આબાદી અને રૈયતની સુખશાંતીનાં ખરાં સાધનો ઉંચા પ્રકારની કેળવણી ઉપર ખસુસ કરી આધાર રાખે-છે. માજી ગાયકવાડોના વખતમાં તેઓના હાથથી આટલે દરજ્જેની ઉંચી કેળવણીનો ફેલાવો ન હોવાને લીધે હજારો તરેહની આફતમાં રૈયત રીબાતી હતી. તેથીજ "ગાયક-વાડી અંધેર" એવી છાપ પડેલીછે. આજે તો આ જવાન અને ચંચળ મહારાજાના પ્રતાપથી ગાયકવાડી માહાલો બાગેબેહરત માફક દીપતા નજરે આવેછે. અને કોઈ પણ પુરૂષને ગાયકવાડીમાં કંઈ પણ અંધેર છે એવું સાબીત કરવું હવે કઠણ પડશે.

# મેહેસુલ.

ખેતીવાડીને ખીલવવાને ખાતર અને પોતાના માહાલોની ઉપજ વધારવાને ખાતર, પેહેલ પ્રથમતો મહારાજા શિયાજીરાવે મેહેસુલ સંબંધી ઉપજ નિપજનાં દફતરો તપાસવા માટે પોતે જાતે ખંતથી રાત દિન મેહેનત ઉઠાવી. અને તે સંબંધી અમલદારોનાં દફતરોની બારીક તપાસ કરીને વર્ષો વર્ષ પડતર જમીન પોતાની રૈયતનેજ ખેડવા આપવાનો નવો ઠરાવ કીધો. તેમજ આગલાં ગાયકવાડી અંધેરમાં કેટલાક ખરેખરા હકદાર જમીનદારોની જમીન ખોરંબામાં પડેલી હુતી, તેની ખરેખરી તપાસ ચલાવીને તેઓના કામના ફેસલા આપી ખુલાસા કીધા. વણી માજી ગાયકવાડોના અમલમાં દેશની જમીન સંબંધી જે ઉપજ ઉપજતી હતી તેમાં ગેરવાજબી ઉપજ કાઢી નાખી ઘટતી ઉપજનો વધારો કીધો. એ વધારો કરવા સાથ રૈયતનાં દિલ રાજી રાખ્યાં. એ શિવાય દરેક માહાલના દફતરોમાં પરોપત લખાણોથી જે કેટલાક ઘૂટાળા થયલા હતા, તથા અમલદારોની મેહેસુલ સંબંધી કામ બજાવવામાં જે સુસ્તી હતી, તે સર્વ એમની ખાસ ચંચળાઈથી નવા કરેલા ઠરાવોથી સાફ કીધી. એટલુંજ નહિ પણ અંગ્રેજ સરકારની માફક પોતાના રાજ્યમાં દફતરો ચોખ્ખાં રાખવાની પેહેલી પેહેલનું માન એ મહારાજા શિયાજીરાવને ઘટેછે.

# શેહેર સુધારા.

માજી ગાયકવાડોના વખતમાં મ્યુનિસિપાલિટીનો દસ્ત મજબૂત ન હોવાને લીધે, ગામોના અને શેહેરોના રસ્તા ઘણા બિસ્માર હાલતમાં હતા. એટલુંજ નહિ પણ કેટલાંક ગામડાંઓમાં માણસો અને રાહદારીઓને જવા આવવા માટે હદ વિનાની મુસીબતો વેઠવી પડતી હતી. તેમજ જગે જગ અને મોહોલે મોહોલે બેસુમાર ગલીચીઓ થવાથી રૈયતની અંદર વારંવાર હજારો તરેહના રોગ અને મરકીઓ ફેલાતી હતી. અને તે રોગ અને મરકીના હજારો માણસો ભોગ થઈ પડતા હતા. વળી રૈયતને પીવાનાં તથા વાપરવાનાં પાણીનાં જોઈતાં સાધન પણ મન માનતાં ન હોતાં. કર્ત્તાની દર્શાવેલી મચકુર પીડાઓનો આજે એક અંશ પણ ગાયકવાડીમાં આપણી નજરે પડતો નથી. તેનું કારણ એજ છે કે આ જવાન અને ભાગ્યશાળી મહારાજાએ પોતાના દરેક મહાલની અંદર એ સઘળી પીડાઓનો તત્કાળ નાશ કરવા માટે એકદમ કેટલાક કિમતી અમલદારોને મોકલ્યા. અને શેહેર સુધારાને માટે જે ખાતું હતુ તેમાં રૈયતની સલામતી અને સુખાકારીને માટે લાખો રૂપીઆનો ખરચ વધાર્યો. અને સઘળા માહાલોના શેહેરસુધરાઈના પાકા બંદોબસ્તને માટે સેક્રેટરીઓ નિમ્યા. તેમજ એક ભારે પગારથી પોતાના પાયતખ્ત શેહેર વડોદરામાં એક

ચાલાક, વિદ્વાન અને ખબરદાર તેમજ પાકા અનુભવી મ્યુનિસિપલ કમિશનર શેઠ દિનશા અરદેશર તાલીઆર ખાનને નિમ્યા. તેમના અતિશ્રમથી આજ ગાયકવાડી રાજ્યની સુખશાંતીની આબાદી આપણને જોવામાં આવેછે. એટલુંજ નહિ પણ આ કિમતી અમલદારની સલાહથી આ નવજવાન મહારાજાએ દેશો દેશમાં પાણીનું સુખ પણ ઘણું કરી આપ્યુંછે. અને હાલમાં લાખો રૂપીઆના ખરચથી એમના પાયતખ્ત શેહેર વડોદરા મધ્યે તો નળથી ઘેરેઘેર પાણી પોહોંચતું કરવાનું કામ ઈ. સ. ૧૮૮૫ના સાલથી આરંભેલુંછે. આ શુભ કામ શરૂ કર્યાની ક્રિયા ખુદ નામદાર મહારાજાએ પોતે કીધી હતી. આ કોશીશને માટે આ નવજવાન મહારાજાને તેમજ એમના લાયક સલાહકારોને ખાસ કિમતી માન ઘટેછે.

# પોલીસ.

ગરીબ ખેડૂતો તેમજ દુબળાઓ અને બીજા કેટલાક અભણ લોકો અને બાપડા ભોળા હજારો માણસોનાં ઘરની અંદર ચોરોથી ખાતર પડેલાંની તેમજ રાજમાર્ગો ઉપર લુટાવાની બૂમો માજી ગાયકવાડોના અમલમાં વારંવાર સંભળાતી હતી. અને તે બિચારાઓએ કેટલી કેટલી મેહેનત મુશ્કેલીથી મેળવેલો પૈસોટકો તથા વસ્ત્ર ચોરાઈ જતું હતું. એવી રીતનું અંધેર એટલે સુધી આગળ વધેલું હતું કે એવી ચોરીચિંદી વખતે કેટલાક માણસોના ભોગ પણ થઈ પડતા હતા. વળી હજારો લોકની એ બાબતસર ફરીઆદ જારીજ હતી. તોપણ તે ઉપર માજી ગાયકવાડોએ કશું લક્ષ ન આપતાં આંખ મીચી રાખી હતી. વળી તે વખતના પોલીસ અમલદારો અને તેમની પોલીસ લટખટ અને હરામખોર હોવાથી કશું લક્ષ ગાયકવાડી રૈયતના જાન માલની સલામતી ઉપર આપતી નહોતી. આવો દોર ઘણાંક વર્ષો પર્યંત બાપડી રૈયતે વેઠયો. તેનું કારણ એજ હતું કે રાજા અને રાજાના સલાહકારો જેવા જોઈએ તેવા રૈયતના રક્ષણના હકમાં હતાજ નહિ. પણ પાછળથી જ્યારે આ અમૂલ્ય અને ચકચકિત હીરો જે દિનથી વડોદરાના તખ્ત ઉપર બિરાજવા લાગ્યો તેજ દિનથી આ સઘળી આફતમાંથી રૈયતનું રક્ષણ થયલું આપણી નજરે પડેછે. આ મહારાજાએ પ્રથમ આવતાંને વારજ પોલીસ

ખાતામાંથી કેટલાક નાલાયક અમલદારોને બરતરફ કર્યા, જોઈતી કેટલીક પોલીસ વધારી, ને તેઓને માથે એક મ્હોટા પગારથી એક ખાસ પોલીસ કમિશનર નીમ્યા. અને રૈયતના જાનમાલની સઘળી જોખમદારી તેને શિર નાખી. સારાં નસીબે જેમ ગાયકવાડી માહાલોને નસીબદાર અને શુભ પગલાંના રાજા મળ્યા તેજ પ્રમાણે પોલીસ કમિશનર પણ ચાલાક, અનુભવી તેમજ ચોરીચિંદી કરનારાઓની સુધ બુધ ઠેકાણે લાવનાર મળવાથી આજ ગાયકવાડીમાં સર્વ પ્રકારે બિન દેહેશતથી લોકો નચિંતે પોતાનાં ઘરબારમાં જંપ લેછે, તેમજ રાજમાર્ગોમાં જાય આવેછે. અને ખાતરો પડવાની અને લૂટફાટની બધી ફિકર ચિંતા સર્વેના દિલમાંથી મટી ગયલી માલમ પડેછે. વળી આગળ ગાયકવાડી પોલીસ ઘોડેસ્વારોનું જોર મજબૂત ન હોવાને લીધે તેમાં પણ ઘટતો ફેરફાર કરવાથી કેટલાંક ગામોની અંદર જે ધાડ પડતી હતી તેનાં સઘળાં ચિન્હો પણ નાબૂદ થયાંછે.

# જકાત.

ગાયકવાડી ગામોમાં પારકા દેશના દાખલ થતા માલ ઉપર ચાલતા રવૈયા પ્રમાણે જે કર વેરો લેવામાં આવેછે, તે ચાલ કંઈ આજ પર્યંત નીકળી ગયો નથી. પરંતુ એ માલ ઉપર જે કર વેરો લેવામાં આવતો હતો તેમાં કેટલીક તરેહની આપણને ખામી દિસતી હતી. તે ખામી એજ હતી કે ગાયકવાડી ગામના નાંકેદારો કેટલાક પ્રમાણિક અને ઈમાનદાર ન હોવાને લીધે કેટલાક પરદેશીઓના માલ ઉપર માલની જકાત લેવામાં ઘણી સખતાઈ ગુજારતા હતા. અને તે ફરીઆદ માજી ગાયકવાડોના કાન ઉપર આવવા પામતી હતીજ નહિ. હાલમાં એવી રીતની ફરીઆદ આપણા સાંભળવામાં આવતી નથી. તેનું કારણ એ છે કે આ ખાતામાં પણ કેટલોક સુધારો તથા વધારો કરવામાં આવ્યોછે. તે એ કે કેટલીક વસ્તુઓ ઉપરથી હાલના આપણા લાયકીવાળા મહારાજાએ તે કર વેરો કાઢી નાખ્યો છે. અને ગાયકવાડી ગામોમાં આવતા જતા માલની જકાત સંબંધી દફતરો ઘણાં સાફ અને ચોકસ રખાવ્યાંછે. તેથી ગાયકવાડીમાં જકાત સંબંધી ઉપજમાં ઘટાડો થવાને બદલે ઓર વધારો થયોછે. અને તે ઉપરાંત આગળ કેટલાક વેપારીઓ ગાયકવાડીમાં માલમતા લાવવાને જે કંટાળો ખાતા હતા તેઓ હાલમાં ઘણી ખુશીની સાથે હજારો કિસમનો માલ ગાયકવાડી ગામોમાં લાવીને વેચી જાયછે તેમજ

ખરીદી પણ જાયછે. એ ખાતાં સંબંધી જે વડા અમલદાર નીમવામાં આવ્યાછે, તેમની દેખરેખ તથા દફતરો સંબંધી મેહેનત અપરમપાર છે. વળી તેમનો એટલોતો ધાક પડી ગયોછે કે કોઈપણ નાકેદાર ઠેરવેલા દરથી એક પઈ પણ વધુ લઈ શકતો નથી. તેથી આપણને એ ખાતાનો કારોબાર સ્તુતિપાત્ર લાગેછે.

# લશ્કર.

માજી ગાયકવાડોના વખતમાં પોતાના દેશના રક્ષણને ખાતર જે પાયદળ અને ઘોડેસ્વાર લશ્કર રાખવામાં આવતું હતું તેની ઉપર બીજા દેશના રજવાડાઓનો સારો વિચાર હતો નહિ. કેમકે તે લશ્કરને જેવી જોઈએ તેવી કવાયત આપવામાં અને જોઈતાં હથીઆરો તથા પોશાકો પુરા પાડવામાં તથા લશ્કરમાં મનમાનતો વધારો કરવામાં તેઓ સદા પાછળ હતા. અને હિંદુસ્તાનમાં આવા મ્હોટા રાજ્યના રક્ષણના હકમાં આવું કમજોર લશ્કર ખરેખરૂં નામોશી ઉપજાવનારૂં હતું. સારાં ભાગ્યે બ્રિટિશ સરકારની સલાહથી હાલના આ ચાલાક મહારાજાએ પોતાના દેશના લશ્કરમાં ઘણોજ સુધારો કીધોછે. એટલુંજ નહિ પણ તેઓને લડાયક હથીઆરો વિગેરે બીજો સઘળો જોઈતો અસબાબ મનમાનતી રીતે આપવામાં આવ્યોછે. તેજ પ્રમાણે સારા અને અનુભવી કરનલો અને કમાંડરોની દેખરેખ હેઠળ તે લશ્કરને અચ્છી તાલમ આપવામાં આવેછે. જોકે દરેક રાજાઓને પોતાના રાજ્યમાં લશ્કરનો સારો બંદોબસ્ત રાખવામાટે ખાસ જરૂર છે તોપણ માઠાં ભાગ્યે હિંદુસ્તાનનાં ઘણાંક દેશી રાજ્યોમાં લશ્કર સંબંધી ખામી હજુ આપણે જોઈએ છીએ:

# ન્યાયખાતું.

ઘણાં વર્ષો સુધી ગાયકવાડી મુલકની કોર્ટોમાં દેખરેખ તથા જાપતો માજી મહારાજાઓનો પૂર્ણ ન હોવાને લીધે, રૈયતના ટંટા અને મુકર્દમા વર્ષોના વર્ષ સુધી ખોળંભે પડી રેહતા હતા. તેનું કારણ એજ હતું કે, જે અમલદારોને ઈન્સાફની લગામ સોંપવામાં આવેલી હતી, તેઓ ઈન્સાફના કામને માટે તદન અયોગ્ય હતા. આ જગ્યાએ કર્ત્તાએ અયોગ્ય હતા એ કેહેવાનું કારણ એટલુંજ કે, તેઓને જેવું કાયદાનું તેમજ વિદ્યાનું જ્ઞાન હોવું જોઈએ, તેવું તેઓમાં હતુંજ નહિ. 'વળી તેઓમાં સદ્વિચાર પણ નહોતા. તેઓના મુકર્દમા નોંધવાનાં દફતરો પણ ઠરઠેકાણા વગરનાં જોવામાં આવતાં હતાં. ધીમે ધીમે આ લાયક મહારાજાએ એવા અમલદારોને ખસેડી ખસેડીને હાલના પાકા અનુભવી અને મ્હોટી ડિગ્રી પામેલા ગૃહસ્થોને ન્યાય ખાતાંની પવિત્ર લગામ સોંપવા માંડીછે. તેથી તે ચાલાક અમલદારો રૈયતના હજારો મુકર્દમા અંગ્રેજી કોર્ટોની માફક ચુકવતા જાયછે. અને હવે રૈયતની કશી ફરીઆદ આપણે કાંન આવતી નથી. વળી ગાયકવાડી રાજ્યના સઘળા માહાલોની કોર્ટોને માથે એક લાયક, અનુભવી અને પાકટ વિચારના એક ખાસ વડા અમલદાર અંગ્રેજ સરકારની પાસેથી આ જવાન મહારાજાએ માગી લીધાછે. અને તેજ પ્રમાણે મુંબઈની સરકારે પોતાની મોટી ખુશીની સાથે

તેવા એક લાયક અને આવા મોટા રાજ્યને છાજતા ખાન બહાદુર શેઠ ખરસેદજી રસ્તમજી થાણાવાળાને ચુંટી કાઢીને મહારાજા શિયાજીરાવને આપ્યાછે. આ ખાનબાહાદુરની ચાલચલણ, નીતિ અને ઈમાનદારી વિશે મારે આ જગ્યાએ પ્રિય વાંચનારાઓને વિશેષ કહેવાની જરૂર નથી. કેમકે જે ખરો અને આબદાર હીરો છે તે પોતાનો પ્રકાશ પોતાની મેળેજ પાથરેછે.

# રૈયતના જાળવેલા હક.

અરે આ નવજવાન મહારાજ શિયાજીરાવે પોતાની અક્કલ એટલે તો ઉંચે દરજ્જે સુધી પ્હોંચાડીછે કે તે ઉપર પ્રિય વાંચનારાઓ ખ્યાલ કરશે ત્યારે તેઓ કઈ પ્રકારનું ઉંચું મત એ નામદાર વિશે બાંધશે તે દર્શાવવાને કર્તાની કલમમાં બિલકુલ જોર નથી. આ અદલ ઇન્સાફી મહારાજાએ આપણા મહાપ્રતાપી એમપ્રેસ ઑફ ઇંડિયાના અદલ રાજ્યના કારોબારમાં રૈયતના સ્વાર્થને ખાતર, તેઓને ઉત્તમ કેળવણી આપવા ખાતર, તેમજ પોતાની વફાદાર રૈયત તરીકે પોતાના સ્વદેશમાં કાયમ રેહેવા ખાતર જે ઉત્તમ પ્રકારની નીતિ રીતી દાખલ કરીછે તેજ પ્રમાણેની નીતિ રીતી પોતાના આખા રાજ્યમાં દાખલ કરવામાં એક લેશ માત્ર પણ કસર રાખી નથી. એટલુંજ નહિ પણ પોતાની કુલ્લે રૈયતને માટે એક ઘણુંજ ઉત્તમ પગલું ભર્યુંછે જેવું પગલું હિંદુસ્તાનનાં બીજા કોઈ પણ દેશી રાજ્યમાં કદી જોવામાં આવતું નથી. તે એજ કે આ નામદાર મહારાજાએ ખાસ એક એવો કાયદો બાંધ્યોછે કે પોતાના રાજ્યની રૈયત શિવાય, પોતાના રાજ્યમાં કોઈ પણ સખ્શને, કોઈ પણ પ્રકારની નોકરી આપવી નહિ. વળી પોતાના રાજ્યની મ્હોટા પાયા ઉપર રચેલી કૉલેજ અને સ્કૂલોની ઉત્તમ કેળવણી અને ડિગ્રી મેળવેલાઓ શિવાયનાને એ હકથી બાતલ રાખવા. આ આ નામદારની શુભ પેહેલને માટે વિશેષ કરીને ગાયકવાડી રૈયત વધારે મગરૂરી ધરાવેછે.

# કિંમતી અમલદારો.

ગાયકવાડી રાજ્યમાં હાલમાં એવો તો શુભ બંદોબસ્ત થઈ ગયોછે કે કોઈપણ વાતની કશી ખરાબી યા રૈયતપોકાર આપણા કાન ઉપર આવતો નથી. તે એટલે સુધી કે જો કોઈ આગલી ગાયકવાડીનો અનુભવ મેળવેલો માણસ જો હાલની ગાયકવાડીમાં ફરે, તો તે અચંબો પામ્યા વિના રેહેશેજ નહિ. અને તે પોતાને મોઢેજ કબૂલ કરશે કે હું ગાયકવાડીમાં નથી, પણ અંગ્રેજીજ હદમાં આવ્યોછું, એવી રીતનું તેને લાગશે. કેમકે આગળ ગાયકવાડી દશોમાં જેવું અભણપણું, લૂટફાટ, જુલમ અને સર્વે પ્રકારની ખરાબી નજરે આવતી હતી, તેને બદલે હાલમાં તો ઉલટીજ રીતભાત જોવામાં આવેછે. સબબકે આ જવાન અને ઈન્સાફી મહારાજાને પ્રથમથીજ પોતાના દિવાન સાહેબો રાજા. સર. ટી. માધવરાવ પછી ખાનબાહાદુર કાજી શાહાબુદિન સી. આઈ. ઈ. એ માજી દીવાન બહાદુરો, તેમજ હાલના દિવાન સાહેબ દિવાન બહાદુર લક્ષ્મણ જગંનાથ તથા નાયબ દિવાન દિવાન બહાદુર મણીભાઈ જસભાઈ તેમજ વડા જજ ખાનબહાદુર ખરશેદજી રસ્તમજી વિગેરે દરેક ખાતાના વડા અમલદારો એવાતો વિદ્વાન, નીતિમાન, શુભ, પાકટ અને અનુભવી મળ્યા કે તેઓએ ગાયકવાડી મુલકને ઉત્તમ પાયા ઉપર લાવી મૂકવામાં નામદાર મહારાજા સાહેબને તેમજ રૈયતને પુરતી ખાત્રી કરી આપીછે. અને તેથીજ નામદાર મહારાજા સાહેબને તેઓને માટે ઉંચું મત તથા નચિંત જીવ થયોછે.

# નીતિ.

આ પુસ્તકના વાંચનારાઓને એક વાતથી તાજુબી ઉત્પંન થયા વિના રેહેશે નહિ. તે એ કે ગાયકવાડીમાં આગલા જેટલા રાજાઓ થઈ ગયાછે તેઓ માટે પ્રિય વાંચનારાઓના જાણમાં આવ્યુંજ હશે કે, તેઓ અનેક સ્ત્રીઓ રાખતા હતા. તે એટલે સુધી તેઓને મસ્તકે ખુમારી ચહેલી હતી કે તેઓ ધોબણ કે મોચણ પણ પિછાનતા નહોતા. અને લાગલા પોતાનું મન લલચાયું કે તેને રાણીનો અવતાર આપીને પોતાના મેહેલમાં રાખતા હતા. એ શિવાય તેઓની નીતિ એટલીતો ખરાબ હતી કે ગાયકવાડી રૈયત પોતાનાં બેટા બેટીની લાજને માટે ઘણી સંભાળમાં રેહેતી હતી. સારાં ભાગ્યે પરમેશ્વરની કૃપાથી હાલના આ જવાન નીતિમાન રાજા, માજી રાજાઓની અનીતિથી અને તેઓનાં કર્ત્તાએ દર્શાવેલાં ભૂંડાં લક્ષણથી દૂર છે. એટલુંજ નહિ પણ પોતે એટલાતો નીતિમાન, સ્વચ્છ દિલના અને પાક નજરના મહારાજા છે કે, પોતાની રૈયતને પોતાના બેટાબેટી સમાન ગણેછે. વળી આ મહારાજા પાંચ પચ્ચિશ ઓરતો કરવી અને તેના છંદમાં રાતદિન ગિરફતાર રેહેવું અને દેશની આબાદીનાં ભલા કામો ઉપર આંખ મીચીને રંડીઓની ખુમારીમાં ફસી પડવું હરદમ ધિક્કારતા આવ્યાછે. અને પોતે એકપત્નીવ્રત પાળેછે.

તેથીંજ રૈયતને પૂર્ણ વિશ્વાસ છે કે આ મહારાજા રૈયતના સુખદુઃખમાં સદાકાળ ભાગ લેશે. એટલુંજ નહિ પણ ઉપર દર્શાવેલા દુર્ગુણથી દૂર હોવાને લીધે સદાકાળ પોતાના માનમર્તબામાં વધારો કરતા રેહેશે. જો કોઈ પણ બોહોળા વિસ્તારવાળા રાજ્યને રાજા જોઈએ તો આવાજ મળજો.

# સખાવત.

હાલના આ જવાન મહારાજા રેહેમ નજરના, ઉદાર દિલના, અને પૂર્ણ અનુભવી હોવાને લીધે પોતાનો ખરો પૈસો જેમ દેશની આબાદી કરવામાં સારે માર્ગે ખરચતા આવ્યાછે, તેજ પ્રમાણે ધર્મનાં કામોમાં તે ઉપરાંત રૈયતના સુખને માટે ધર્મશાળાઓ, દવાખાનાઓ, બાગબગીચાઓ વિગેરે કરાવવામાં તેમજ કેટલાંક જાહેર ઉભાં થતાં ફંડોમાં તથા દેશદેશના દુકાળના ફંડમાં, વિદ્વાને આશરો આપવામાં, વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા માટે સ્કોલાર્શિપો સ્થાપવામાં, પોતાના નોકરચાકરોની તેઓની સેવાની ખરી કદર બુજવામાં આ નવજવાન મહારાજાએ પોતાનું પ્યારૂં નામ રૈયતનાં મ્હોમાં રમતું કરી દીધુંછે.

# આપૂત.

ઈ. સ. ૧૮૮૫ના સાલમાં આ જવાન મહારાજાની મરહુમ મહારાણીને એકાએક મંદવાડ લાગુ પડવાથી હજારો રૂપીઆનો ખરચ કરીને ખાસ અને અનુભવી તબીબો બોલાવી મંગાવ્યા હતા. તેઓથી પણ એમના મરહુમ મહારાણીજીના મંદવાડમાં કશો ફેર પડ્યો નહિ. આ પ્રસંગે ગાયકવાડી સઘળી રૈયત આ બાબતથી રાતદિન બેચેન અને ગમગીનીમાં રેહતી હતી. અને પોતાના પ્રિય પ્રભુ પાસે એજ દુવા ગુજારતી હતી કે મહારાણીજીની બિમારી દૂર કરીને આરોગ્યતા સાથ આયુષ્યમાં વધારો કરે. પણ માથે કજા ઘુમતી હોવાને લીધે કશો તફાવત એમના પાયતખ્ત શેહેર વડોદરા મધે મહારાણીજીને પડયો નહિ. છેવટે અંગ્રેજી ડાક્ટરોની સલાહથી આ મહારાણીજીને મુંબઈ તરફ લઈ જવાની ગોઠવણ કરવામાં આવી. તેથી મુંબઈ પાસે બેંડોરા નામના ગામમાં, કે જેનું પાણી તથા હવા મશહુર છે, ત્યાં મહારાણીજીને લઈ જવામાં આવ્યાં. તા૦ ૧૯ મી અપ્રિલ. એ ગામ થાણા સરકારને તાબે છે. ત્યાં પણ લાંબો વખત સુધી મહારાણીજીને રાખવા છતાં કશો ફેર પડયો નહિ. આ પ્રસંગે નામદાર મહારાજાને ખાસ મુંબઈની સરકારે ભારે ધામધુમસાથે લશ્કરની ટુકડી સમિત માન અકરામ આપ્યું હતું. વળી બેંડોરા સ્ટેશન

ઉપર ત્યાંની મ્યુનિસિપાલિટી તરફથી એક માનપત્ર એ નામદાર મહારાજાને વાંચી સંભળાવ્યું હતું. આ સઘળાં માન અકરામ વખતે મહારાજાએ (પોતાની મહારાણી માટે ગમગીનીમાં હોવા છતાં) ભારે ઠાઠથી ઉત્તરો આપ્યા હતા. વળી એક ભારે ધામધુમવાળાં સરઘસ સાથે એમની સ્વારી નામદાર ગવરનર સાહેબે મુંબઈ મધ્યે કાઢી હતી. તે વખત મુંબાઈની રૈયત તુરા તથા ફૂલોના ગજરાનો વરસાદ વરસાવી રહી હતી. દરમ્યાન મહારાણીજીની સ્થિતિ અને તેમની હયાતીની નિશાનીઓ ખોટી દર્શાયાથી એકદમ સ્પેશિઅલ ટ્રેન મારફતે તેમને પાછાં વડોદરામાં એકાએક લાવવાં પડયાં. અને વડોદરે આવતાંજ બે ત્રણ દિનમાં આ જવાન અને માયાળુ મહારાણીજીએ આ ક્ષણભંગુર શરીરનો ત્યાગ કીધો. તા૦ ૭ મી મે. આ ગમગીનીની ખબર દેશેદેશ ફરી વળતાંજ લોકોના મનમાં ભારે શોક મચી રહ્યો. અને આ ગમગીનીના બનાવનો કારી જખમ મહારાજાના જીગરમાં મજબૂત વાગ્યો. વળી રૈયતને આ મહારાણીજી માટે કેટલી બધી લાગણી હતી તે કર્ત્તાના નીચે દર્શાવેલા કાર્ય ઊપરથી સહેજ ખ્યાલમાં આવશે. તે એજકે એ નામદાર મહારાણીજીની યાદગિરી કાયમ રેહેવા ખાતર રૈયતેજ માંહો માંહે ઉઘરાણું કરીને શહેર વડોદરા મધ્યે એક સુંદર કલોક ટાવર બંધાવ્યોછે. અને તેનું નામ ચિમનાબાઈ ટાવર રાખવામાં આવ્યુંછે.

# મરહુમ મહારાણી ચિમનાબાઇનો પુત્ર.

એક તરફથી આ જવાન મહારાજાએ પોતાની ભાગ્યશાળી અને સુખદુ:ખમાં ભાગ લેનારી પતિવ્રતા મહારાણીને ગુમાવી તેનો કારી જખમ એ જવાન મહારાજાને પ્હોંચ્યો તેજ પ્રમાણે હિંદુસ્તાનની કુલ્લે રૈયતને પણ પ્હોંચ્યો હતો. પણ બીજી તરફથી કેટલેક દરજ્જે આ દુખ:દાયક બનાવનો બદલો પરમેશ્વરની કૃપાથી રૈયતને તેમજ મહારાજા શ્રીને મળ્યોછે. તે એ કે મરહુમ મહારાણીજીને પેટે, ભવિષ્યમાં રાજ્યની લગામ અખત્યાર કરવાને માટે અને પોતાનાં માતાપિતાનું નામ કાયમ રાખવાને માટે, એક ભાગ્યશાળી બાળકનો જન્મ આપી ગયાંછે. તે બાળકની પાછળ નામદાર મહારાજાની દેખરેખ હેઠળ તેને સંભાળ ભરેલી જાળવણીથી ઉછેરવામાં પૂરતા અને યોગ્ય બંદોબસ્ત રાખવામાં આવ્યાછે. અને આ નાનકડા અને ખુબસુરત બાળકને સઘળી રૈયત એકે અવાજે પોતાના ભવિષ્યના ગાયકવાડ ગણેછે. એ એક ખુશ પમાડનારી, અને મરહુમ મહારાણીજીના દુ:ખદાયક ગમનો આપણને તેમજ મહારાજાને ઘણે દરજ્જે બદલો વાળી આપનારી બીના છે. આ બાળકનો જન્મ ઈ૦ સ૦ ૧૮૮૩ માં તા૦ ૩ માહે ઓગસ્ટને રોજ થયોછે. આ રાજકુવરનું નામ ફતેહસિંહરાવ ગાયકવાડ રાખવામાં આવ્યુંછે. આ જગ્યાએ કર્ત્તાને પોતાના મગજનો વિચાર જાહેર કર્યા વિના ચાલતું નથી.

અને તે વિચારને આ ગ્રંથના વાંચનારાઓ પણ આશા છેકે પસંદ કરશે. તે એ કે આ રાજકુવર માટે એક સરખી રીતે ગાયકવાડી રૈયતને થોડી ઘણી ખુશી હાંસલ થઈ નથી. અને તેથીજ હાલના આ નવજવાન ચંચળ ગાયકવાડ મહારાજા, આ નાનકડા બાળકને એમની ઉગતી વયમાંથીજ રાજ્યાસનને છાજતી સઘળી તાલીમો તેમજ ઉત્તમ પ્રકારની કેળવણી આપીને ભવિષ્યમાં પોતાના રાજ્યની હીરામોતીથી મઢેલી ગાદીને છાજતા એમને બનાવવામાં કંઈ પણ કસર રાખશે નહિ એવી પૂર્ણ ખાત્રી રાખવામાં આવેછે.

# સલતનત.

પ્રિય વાંચનારાઓ આ નીચલી બિના ઉપરથી તુરત પિછાની લેશે કે ગાયકવાડી સલતનતનો વિસ્તાર, તેની ઉપજ, અને રૈયતની વસ્તીનો સુમાર કાંઈ થોડો ઘણો નથી અને તેની ખરેખરી નોંધ જો હું આ જોગવાઈએ ટાંકું, તો તે વાંચનારાઓને અતિ ઉપયોગી થઈ પડ્યા વિના રેહેશે નહિ. ગાયકવાડી રાજ્યના મુલકનો વિસ્તાર આસરે ૮૬૦૦ ચોરસ માઈલનો છે. તેમધ્યે નજદીક ન્હાનાં મ્હોટાં ત્રણ હજાર ગામો સમાયલાંછે. અને તેની એકંદર વસ્તી સુમારે પચ્ચિશ લાખની છે. તેમજ એ સઘળાંની વાર્ષિક ઉપજ દોઢ કરોડ રૂપીઆની છે. તેમાં સર્વે પ્રકારની કોમો વસેછે. જરાક રમુજને ખાતર વધુ બોલું તો મચકુર જણાવેલી પચ્ચિશ લાખ માણસની વસ્તીના જાનની લગામ આ નવજવાન મહારાજા શિયાજીરાવના હાથમાં સોપવામાં આવી, તે વખતે, હજારો તરેહના વિચારો રૈયતના મગજમાં ભમતા હતા. પણ તેઓના સઘળા કુવિચારોનો કિલ્લો આ વખતમાં જમીનદોસ્ત થયેલો તેઓ સમજેછે. કેમકે હાલના આ નવજવાન મહારાજા શિયાજીરાવના મુકાબલામાં અગાઉ એવા કોઈપણ ગાયકવાડ નિવડ્યા નથી. તેના સંગીન પુરાવા દલીલ સહિત જોઈતા હોય તો કર્ત્તાના રચેલા આ ગ્રંથ ઉપરથી તુરત માલમ પડશે.

# લક્ષ્મીવિલાસ ગંજાવર મેહેલ.

આ નવજુવાન મહારાજાએ પોતાના તાબા તળેના ગામોમાં રૈયતના સુખને ખાતર ન્હાની મ્હોટી રકમોનો ભોગ આપીને શોભાયમાન અનેક કિસમનાં બાંધકામો ઉઠાવવામાં કશી કસર રાખી નથી. એ આ ગ્રંથના વાંચનારાઓ વગર આચકે કબુલ કરશે. એટલુંજ નહિ પણ પોતાના પાયતખ્ત શેહેર વડોદરા મધ્યે તો આ નસીબદાર મહારાજાએ નજદિક પચાશ લાખ રૂપીઆના ખરચથી એક ભારે દબદબા ભરેલો તથા નામાંકિત પારિસ શેહેરના મ્હોટા મ્હોટા પાદશાહી મેહેલોના નકસા પ્રમાણે અને પાદશાહી મેહેલોની સઘળી ગોઠવણ અને સગવડ પ્રમાણે એક ઘણોજ સુંદર અને મનહરણ કરનારો રાજમેહેલ બંધાવવાનું કામ નજદિક આઠ વર્ષ થયાં શરૂ કરી ચુકયાછે. આ રાજમેહેલ શરૂ કર્યાની આગમજ એ પાછળ કરવામાં આવનારા ખરચનો અડસટો તેમજ સર્વ પ્રકારની ગોઠવણના નકસાઓ ઘણાજ અનુભવી યુરોપીઅન ઈજનેરોની મારફતે તૈયાર કરાવ્યા પછી તેઓનીજ સારી અને ઘટતી દેખરેખ હેઠળ કર્તાએ મજકુર જણાવેલા પચાસ લાખ રૂપીઆ ખરચીને આ નવજવાન મહારાજાએ એક ખરેખરો રાજ્યાસનને છાજતો અને ઉપયોગી મેહેલ બંધાવી પોતાની કારકિર્દિમાં અતિ શુભ કામ કર્યુંછે. આ રાજમેહેલ જૂદી જૂદી જાતના પથ્થરોથી બાંધવામાં આવ્યોછે. હાલમાં આ રાજમેહેલ તૈયાર

થવા આવ્યોછે. તે મધ્યે નવ મજલાનો પથ્થરનો સુમારે ૧૫૦ ફુટ ઉંચાઈનો, એક અતિ સુંદર ક્લોકટાવર બાંધવા માંડ્યોછે. જે ઘણો ખરો બંધાઈ ચુકયો છે. અને તે આ કર્ત્તાના વિચાર પ્રમાણે પ્રિય વાંચનારાઓના નજરો નજર જોવાથી ખાત્રી થશે કે મચકુર મેહેલ દરેક મુસાફરને જોવાને પાત્ર છે. આ રાજમેહેલનું નામ “લક્ષ્મીવિલાસ ગંજાવર મેહેલ” રાખવામાં આવ્યુંછે. એ ઉપરાંત પોતાના મરહુમ મહારાણીજીની શુભ યાદગિરી જાળવી રાખવા માટે અને મરહુમ મહારાણીજીનું નામ રૈયતના મ્હોમાં અમર કરવા માટે તેમજ રૈયતનું પણ માંહે સુખ સાચવવા માટે શેહર વડોદરામાં એક કિમતી મારકેટ ભારે ખરચથી મરહુમ મહારાણીજીના નામથી બંધાવવામાં આવનાર છે.

# ઇંગ્લાંડ દેશની મુસાફરી.

હાલના આ જવાન ચંચળ મહારાજાએ પોતાના આખા રાજ્યનો કારોબારનો બોજો પોતે ખંતથી મહેનત લઈ ઉપાડી લીધો હતો તેથી પોતાની તબીએતમાં કેટલોક બિગાડ થયલો પોતાને લાગ્યો તે સુધારવાના હેતુથી તેમજ પોતાના રાજ્યના દેશોને ખિલવવા માટે, પોતાની ગરીબ અને બેગાર રૈયતને રોજગારે લગાડવા માટે, પોતાના દેશોમાં સારા સારા સુધારાઓ દાખલ કરવા માટે, અને પોતાના દેશનો પૈસો પારકા દેશોમાં ઘસડાઈને જવા દેવા માટે, પોતે વિલાયત જવાનો ઠરાવ કીધો. ઈ. સ. ૧૮૮૭ અને એજ સાલના મે માસની આખરે પોતે પોતાની મહારાણી તથા રસાલાના કેટલાક માણસો સહિત ઇંગ્લાંડ દેશની મુસાફરી કરવાને અર્થે અત્રેથી નીકળ્યા. આ મુસાફરીના દરમ્યાનમાં નામદાર મહારાજા સ્વિત્ઝરલંડ કે જ્યાંની હવા ઘણીજ વખણાયલી છે ત્યાં ઘણો ભાગ રહ્યા છતાં યુરોપના કેટલાક નામાંકિત અને પ્રખ્યાત દેશોમાં પોતાના રસાલા સહિત ફરીને ત્યાંથી જૂદી જૂદી વસ્તુઓ બનાવવાના સાંચા કામો લાખો રૂપીઆ ખરચીને ખરીદ કીધાં. તેમજ કેટલાક દેશમાં ફરીને ત્યાંની રીતભાતનો સારો અને પાકો અનુભવ મેળવ્યો. વળી આ જવાન મહારાજાની યૂરોપ દેશના મ્હોટા મ્હોટા નામાંકિત લાર્ડ અને લેડીઓએ મુલાકાત લીધી હતી. અને તેઓ એમની રીતભાત, સભ્યતા અને અંગ્રેજી બોલવાની છટા જોઈને ઘણાં

હરખાઈ ગયાં હતાં. એટલુંજ નહિ પણ તેઓએ એ મહારાજાને સર્વોત્કૃષ્ટ માન અકરામ આપવામાં કશી કસર રાખી નહિ. વળી મધ્યમ સ્થિતિના લોકો પણ આ જવાન મહારાજાના દર્શન કરવા માટે રોજ આતુર રહેતા હતા. કેટલાક દેશોની એજ પ્રમાણે નામદાર મહારાજાએ મુલાકાત લીધા બાદ આપણાં મહાપ્રતાપી મહારાણીજીએ આ જવાન મહારાજાને પોતાના પરોણા થવા માટે ખાસ નોતરૂં દીધું. અને તે પ્રમાણે નામદાર મહારાણીજીની મુલાકાત લેવા માટે અને તે નામદારનાં શુભ દર્શન કરવા માટે નામદાર મહારાણીજીનાં નોતરાંને માન આપીને હસતે અને હરખથી ભરેલ ચેહેરે મહારાણીજીના મેહેલમાં ગયા હતા. અરસપરસ કેટલીક વાતચિત થયા બાદ મહારાણીજીએ હરખાઈ જઈને પોતે પોતાને હાથે જી. સી. એસ. આઈ. નો ખિતાબ તથા હીરાથી મંઢેલો એક મોટો ચાંદ આ બહાદુર નરની છાતી ઉપર લટકાવી દીધો: તથા પોતાની ઝવેરાતથી જડી લીધેલી એક નાનકડી સુંદર તસવીર પણ બક્ષિસ આપી. આ સઘળું માન હદથી બેહદ પોતાને મળેલું જોઈને આ જવાન મહારાજા બહુજ હરખાઈ ગયા હતા. આવું માન અકરામ આગળ કોઈ ગાયકવાડ મેળવવાને નસીબદાર થયા ન હોતા. અને હવે પછીના પણ એવું માન મેળવવાને નસીબદાર થાય એમાં કર્ત્તાને ઘણો મ્હોટો શક છે. આ બનાવ હાલના ગાયકવાડી સક્ષાની ઉપર કોતરાઈ રેહેશે. વળી આવા માનને માટે ગાયકવાડી રાજ્યના સઘળા વડા અમલદારોને મગરૂર થવા માટે આ સંગિન કારણ મળ્યુંછે. અને તેઓ જેટલા હરખાય તેટલી થોડી વાત છે. આશા છે કે આ જવાન

મહારાજાનો ધડો તેમજ એ મહારાજાના કિમતી સલાહકારો-નો ધડો હિંદુસ્તાનના બીજા દેશી રાજાઓ અને તેઓના અધિકારીઓ લેશે. જોકે આ બાબત ઉપર મારે વિશેષ કહેવું હતું તોપણ આ પુસ્તકમાં ઘણું લંબાણ ન કરવાના હેતુથી ટુંક પણ સંગિન રૂપમાં દર્શાવીને મારી તેજી કલમને આરામ આપુંછું. અને વધુ બે બોલ જણાવી છેવટ લાઉંછું કે સઘળા દેશી રાજાઓમાં જે પોતાની મોહોરદાર મહારાણીને નામદાર મહારાણી એમપ્રેસ ઓફ ઈંડિયાનાં દર્શન કરાવ્યાં હોય તો આ નવજવાન મહારાજા પેહેલાજ છે. એ ઉપરથી હવે અટકળવામાં આવે છે કે નામદાર મહારાજા શિયાજીરાવ તથા નામદાર મહારાણી ચિમનાબાઈના ઈંગ્લાંડ જઈ આવવાથી તેમના દિલમાં ઘણાક સારા વિચારો ઠસ્યા હશે. અને ભવિષ્યમાં તેનાં પરિણામો પણ સારાંજ નીવડશે.

# કાઉનસિલ.

આ નવજવાન ચંચળ મહારાજાએ પોતાની અક્કલનું તેજ બેહદ દેખાડ્યુંછે. તેની શાબીતી આ નીચલી બિના- પરથી બસ થશે. આ શ્રેષ્ઠ ભાગ્યના મહારાજાએ ઈ. સ. ૧૮૮૭ માં પોતાની ઈંગ્લાંડ દેશની મુસાફરીના દરમ્યા- નમાં પોતાના રાજ્યનો કારોબાર મનમાનતી રીતે ચાલુ રાખવા માટે, તેમજ દરેક ખાતાંઓ ન્યાયપૂર્વક અને ખામી વિનાના નહિ થઈ પડવા માટે, ચોકસ કોઈએક અમલદારને આ આખા રાજ્યના વહિવટની લગામ સોંપી જવાનું જોખમ ભરેલું વિચાર્યું. અને પોતાની ગેરહાજરીમાં પોતાના રાજ્ય સંબંધી જે જે કામો કરવાં હોય તેમાટે પોતાના કેટલાક કિમતી અમલદારોની એક ખાસ કાઉનસિલ નીમી. અને પોતાની સઘળી સત્તા એ કાઉનસિલને આપી. મચકુર કાઉનસિલનું ધોરણ એવી રીતે રાખવામાં આવ્યું હતું કે જેમ ઈંગ્લાંડ દેશની પાર્લ્યમેંટ અને હિંદુસ્તાનની ત્રણે પ્રેસિડેન્સીના હાકેમોની કાઉનસિલો મળેછે તે પ્રમાણેની રૂઢી રાખી વહિવટ કરવો. અને તે આ પુસ્તકના પ્રિય વાંચ- નારાઓ વગર શંકે કબુલ કરશે કે આ નામદાર મહારા- જાના નીમેલા ધોરણ મુજબ મચકુર કાઉનસિલે મનમાનતી અને સંતોષ ભરેલી રીતે મહારાજાની લાંબા વખતની ગેરહાજરીમાં તારીફ લાયક રાજ્યનો વહીવટ ચલાવ્યો. એટલુંજ નહિ પણ કોઈ પણ માઠા બનાવો એ ગેરહાજ-

રીના દરમ્યાનમાં બન્યા નથી. પણ સઘળું શાંત અને બાહોશીથી કામ બજાવવામાં આવ્યું. આવી રીતે શાંતપણે પોતાના બોહોળા રાજ્યનો વહિવટ ચલાવવાની સુચના આ નવજવાન મહારાજાએ પોતાની અક્કલથી દર્શાવી, અને તેનું છેવટ પણ ઉત્તમ નીકળ્યું, એ કાંઈ થોડી ઘણી ખુશીની વાત નથી. હવે છેવટે મજકુર રાજ્યસભાના મેંબરોનો આ ગ્રંથનો કર્ત્તા ભારે ખુશી સાથે તેઓની આ જોગવાઈએ મહારાજાના રાજ્યની ખરા અંતઃકરણથી લીધેલી દાઝ માટે હદથી બેહદ ઉપકાર માનેછે. અને એટલુંજ દર્શાવેછે કે જો હિંદુસ્તાનના કોઈ પણ બોહોળા અને શુભ દેશી રાજ્યને અમલદાર જોઈએ તો આવાજ મજબુત વિચારના, અનુભવી અને પ્રમાણિક મળજો.

# ઈંગ્લાંડ દેશની મુસાફરીથી પાછા ફરવું.

ઈ૦ સ૦ ૧૮૮૮ ના ફેબ્રુઆરી માસમાં પોતાની દબદબા ભરેલી ઈંગ્લાંડ દેશની મુસાફરી સંપૂર્ણ ફતેહ સાથે પાર પાડીને આપણા હિંદના કિનારા પર આ નસીબદાર મહારાજા શિયાજીરાવ પોતાના રસાલા સહિત પુર તંદુરસ્તિમાં આવી પોહોંચ્યા. અને મુંબઈથી પોતાની ખાસ સલુનમાં બેસી પોતાનાં પાયતખ્ત શેહેર વડોદરા મધ્યે જાહોજલાલી ભરી રચનામાં આવી પોતાની રૈયત અને પોતાના કિમતી અમલદારોને હરખભેર ભેટ્યા. રાખેલી ધારણા પ્રમાણે આ મહારાજાના દેદારના દર્શન કરવા માટે હજારો હજાર લોકનાં ટોળાં ઉભરાઈ રહ્યાં હતાં. તેમજ એ નામદાર પુર ફતેહથી ઈંગ્લાંડ દેશની મુસાફરી કરીને આવ્યા તે માટે વડોદરા શેહેરમાં બેહદ રચનાઓ સર્વ પ્રકારની રમત ગમતમાં, જૂદી જૂદી ઢપમાં, અને જૂદી જૂદી કોમોએ ફૂલના ગજરાઓનો વરસાદ વરસાવવામાં કીધી હતી. એટલુંજ નહિ પણ જગેજગ જૂદી જૂદી કોમોએ સંપૂર્ણ હેતથી એ નામદાર મહારાજાની સ્વારી ઉભી રખાવી એમનાં દર્શન કરી હર્ષભેર ફૂલના હારો પેહેરાવ્યા હતા. વળી જેમ લંબાણ દિવસે એક પુત્ર પોતાના પિતાને મળે તેટલી ખુશી સર્વેનાં દિલમાં મચી રહી હતી. વળતી આ નામદાર મહારાજાએ સઘળા અમલદારોની ભેટ લઈ પોતાના આ લાંબા વખતની ગેરહાજરીમાં તેઓએ બજાવેલાં કાર્યો ઉપર પૂરતો સંતોષ

બતાવી તેઓનો ઘણો પાડ માન્યો. આ પૂર્ણ ભાગ્યના મહારાજાએ પોતે ઈગ્લાંડ દેશની મુસાફરી કરી આવવાની ખુશાલીમાં એક શુભ ધરમખાતું ઉભું કીધુંછે. અને બ્રાહ્મણોને એ ખુશાલીમાં ભારે ખરચથી કિમતી જમણ જમાડવામાં આવ્યું હતું. એટલુંજ નહિ પણ હિંદુ શાસ્ત્રના નિયમને અનુસરી પોતાના ઈગ્લાંડ દેશના પ્રવાસ માટે યથાવિધિ પ્રાયશ્ચિત કરી પોતાની ઘટતી ફરજ આ નામદાર મહારાજાએ પોતે બજાવી પોતે કિમતી ડહાપણ વાપર્યુંછે. અને ત્યારબાદ પોતાની સુધરેલી તંદુરસ્તિ જાળવી રાખવા ખાતર પોતાના રસાલા તથા કુટુંબ સહિત આ નામદાર મહારાજા શિયાજીરાવ હવા ફેર કરવા બદલ એજ માસની આખરીએ નિલગિરિ પધાર્યા.

# હાલનાં મહારાણી ચિમનાબાઈનો પુત્ર.

આ નસીબદાર મહારાજા નિલગિરિ હતા તે દરમ્યાન એક અતિ શુભ અને મનને આનંદ પમાડનાર બનાવ બન્યો હતો. જે પ્રિય વાંચનારાઓની આગળ રજુ કરતાં ઘણી ખુશી ઉપજેછે. તે એજ કે હાલના નામદાર મહારાણી ચિમનાબાઈને પેટ પણ એક પુત્રનો જન્મ તા. ૧૨ મી મે સને ૧૮૮૮ ને રોજ થયોછે. આ પુત્રના જન્મના સમાચાર મળતાંજ નામદાર મહારાજાને તેમજ કુલ્લે રૈયતને અત્યંત ખુશી પ્રાપ્ત થઈ રહી હતી. અને એ ખુશાલીને પેટે શેહેર વડોદરામધ્યે સાકર વેહેંચવામાં આવી હતી. એટલુંજ નહિ પણ તે દિવસ ઓચ્છવનો ગણી સઘળાં ખાતાંઓમાં રજા પાળવામાં આવી હતી. વળી આ ખુશાલીને માટે મદ્રાસના નામદાર ગવરનર સાહેબ બહાદુરે નામદાર મહારાજાને બંગલે, નિલગિરિ મધ્યે પોતાનું બેંડ મોકલ્યું હતું. આ પુત્રનું નામ યશવંતરાવ રાખવામાં આવ્યુંછે.

# યૂરોપમાં બીજીવારની મુસાફરી અને ત્યાંથી પાછા ફરવું.

આ નસીબદાર અને ચંચળ મનના મહારાજાએ નિલગિરિ મધ્યે લગભગ ચાર માસ સુધી મુકામ રાખ્યો છતાં પોતાની તબિયતમાં મનમાનતો સુધારો ન થવાથી તેમજ પોતાના કિમતી ડાકટરોની સલાહથી પોતે બીજીવાર યૂરોપની મુસાફરી કરવાનું દુરસ્ત વિચાર્યું. અને પોતાનાં મહારાણી તથા પાટવી કુવર ફતેહસિંહરાવને પુના શેહેરમાં રેહેવાનું મુકરર કરીને તેમજ આગળનીજ કાઉન્સિલ કે જેના કામથી નામદાર મહારાજાને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થયો હતો તેનેજ પોતાના આખા રાજ્યનો વહિવાટ ચલાવવાનું સોંપીને પોતે પોતાનાં ખાસ થોડાં માણસ સહિત તા. ૨૫ મી જુન સને ૧૮૮૮ ને રોજ બીજીવાર યૂરોપની મુસાફરીએ નિકળ્યા. અને સ્વિત્ઝરલેંડ કે જ્યાંની હવા નામદાર મહારાજાને પસંદ તેમજ માફક આવી હતી ત્યાંજ મુકામ રાખ્યો. લગભગ બે માસ ત્યાં રહી, અને પોતાની તંદુરસ્તીનો પૂર્ણ લાભ હાંસલ કરીને પોતે પરભાર્યાજ પોતાના દેશ તરફ પાછા ફરવાનું નકકી કીધું. અને એજ સાલના અક્ટોબર મહિનાની તા. ૭ મીને રોજ હિંદુસ્તાનના કિનારા ઉપર આવી પોહોંચ્યા. અને મુંબાઈમાં પોતાના ન્હાના કુવરની તબિયતમાં ઘણોજ બિગાડ થવાના સમાચાર મળવાથી પોતે એકદમ ત્યાંથી તેજ દિવસે મેલ-

ટ્રેનમાં બેસી લાગલા પોતાના પાયતખ્ત શેહેર વડોદરામધ્યે પધાર્યા. આ બીજીવારની સફરને માટે પ્રજામાં અનેક જાતના અંદેશા ઉત્પન્ન થયા હતા. પણ નામદાર મહારાજાના આ પાછા પધારવાથી તેમના તે સઘળા અંદેશાઓ દૂર થયાછે. એટલુંજ નહિ પણ તેમને અત્યાનંદ થયોછે. અને હવે નામદાર મહારાજા અત્રેજ રહી પોતાના રાજ્યનો કારોબાર આગળની માફકજ ચલાવશે એવી તેમની ખાત્રી થવાથી તેઓ અત્યંત હર્ષથી ઉભરાઈ ગયલા જોવામાં આવેછે.

# સમાપ્તિ.

સુજ્ઞ વાંચનારાઓને મારે આ પુસ્તકની સમાપ્તિ કરતાં જણાવવું જોઈએ કે આ પુસ્તકનો જન્મ આપવા માટે કેટલાંક વર્ષ થયાં મારા દિલમાં ઉમંગ તથા ઉત્સાહ મચી રહ્યો હતો. અને તે પ્રમાણે ધીમે ધીમે આ નામદાર મહારાજાનાં કાર્યોની નોંધ રાખીને રફતે રફતે આ પુસ્તક લખી તૈયાર કરવામાં મેં મારી ઈચ્છા ફળીભુત કીધીછે. અને હાલની ગાયકવાડી રાજ્યને લગતી દરેક બાબત ઉપર વાંચનારાઓનું લક્ષ ખેંચવામાટે દરેક ખાતાના મથાળાં કરીને તે દરેક ખાતાના ચિતારો અસરકારક રીતે આ પુસ્તકમાં દર્શાવ્યાછે. કે જેથી વાંચનારાઓને કશી વાતનો ગુચવાડો પડે નહિ. આ પુસ્તક ઉપરથી હાલના જુવાન મહારાજ શિયાજીરાવની ખરી ખુબીનો સુવાસ વાંચનારી આલમને ખુશી પમાડ્યા વિના રેહેશે નહિ. કર્ત્તાની નાકેસ કલમે હાલના મહારાજાની જેટલી તારીફ યાને સ્તુતિ વર્ણવી છે. તેમાં કશી વાતની સરાહગત કે ખુશામત કરવામાં આવી નથી. એટલુંજ નહિ પણ આ પુસ્તક ઉપર સ્વતંત્ર પણે કલમ ચલાવતાં કોઈનું લેશ માત્ર પણ દબાણ દાખલ થવા દીધું નથી. પણ ખરેખરી એમની લાયકી તથા એમના દેશો સંબંધી કાર્યોનો ચિતાર વર્ણવ્યો છે. અને એજ પગલે જો હાલના પ્રતાપી મહારાજા વર્ત્તશે તો આશા છે કે રૈયતના હકમાં કલ્યાણ થવા ઉપરાંત તેમજ સર્વે દેશની આબાદીમાં

વધારો કરવા ઉપરાંત પોતાનું અમર નામ કરશે. હાલનાં એમનાં આવાં સિદ્ધ અને મજબુત કાર્યો ઉપરથી તથા એમના સ્વતંત્ર વિચારો ઉપરથી એમને માટે રૈયતને સારો વિચાર બાંધવાની તક મળી છે. અને એવીને એવીજ રીતે સારા ઠરાવોથી એ નામદાર મહારાજા વર્ત્તતા જશે તો હજારો વર્ષ સુધી એમનું પ્રિય નામ લોકોના જીગરમાંથી ભુલાવાનું નથી. કેમકે આ જવાન મહારાજાને કાંઈ વિશેષ કેહેવું તો પડવાનુંજ નથી કે જે રાજાઓ સદાકાળ સુસ્તિમાં, હરામખોરીમાં, રંડીબાજીમાં તેમજ બદફેલોમાં પોતાના રાજ્યની ઉપજનો લાખો રૂપીઆનો ભોગ આપે છે તેઓના કેવા બુરા હાલ થયા છે તે આ નસીબદાર મહારાજાએ તો નજરોનજર જોયુંછે. છેલ્લે મારી કલમ બંધ કરતાં વિશેષ કેહેવું એ છે કે આવા અદલ ઈનસાફી મહારાજાના આયુષ્યમાં અને એમનાં કુટુંબપરિવારના રક્ષણમાં એકથી હજાર ગણો વધારો કરે અને સદાકાળ એમનો મહિમા ચંદ્રસૂર્યની હયાતી સુધી ચઢતોને ચઢતો તેજમંદ રહે એવી ઈશ્વરની હજુરમાં કર્ત્તાની નમ્ર વિનંતી છે.

# ઈશ્વરસ્તુતિ.

## આર્યા વૃત્ત.

આરંભે ઈશ્વરને, અંતે ઈશ્વર તણું ગણું નામ ;
નીતીવંત તણાં ત્યાં, પૂર્ણ કરે ધર્મ અર્થ ને કામ. ૧

## શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

જે મેં ખંત ધરી ઘણા દિવસથી બીના હતી સંઘરી,
તે આ અલ્પમતી વડે વરણિને આ ગ્રંથ માંહે ભરી;
તેમાં ન્યૂનપણું તથા અવર ખામી દોષ જેજે હશે,
તે સૌ સજ્જન લક્ષથી દુર કરી આ ગ્રંથ સ્વીકારશે; ૨

રાજા એહ પ્રતાપવંત જગમાં જાણે પ્રકાશે રવી,
ગંભીરાઇ-વિશે સમુદ્રસમા કીર્તી રૂડી મેળવી ;
હેતૂ શ્રેષ્ઠ ધરી વિદેશ વિચરી આવ્યા જઈ વાર બે,
તેનાં રૈયત ચાખશે ફળ રૂડાં થોડે પ્રયત્ને હવે ; ૩

આપી બક્ષીસ ઈશ્વરે સમજની, શકતી તણી પ્હેલથી,
વિદ્યા જ્ઞાન વિવેક આદિ સુગુણે ફેલાઈ તે સ્હેલથી;
પોતે આગ્રહ હોંશ ને ઉલટથી તેમાં વધારો કર્યો,
એ રીતે અદભુત રાજગુણનો ભંડાર પૂરો ભર્યો; ૪

રાજા લાયક સર્વ ગૂણ વિધિએ પ્હેલે વિચારી ઘડ્યા,
તેથી રૈયતના નસીબ બળથી સિંહાસને જૈ ચડ્યા;
દીપાવ્યું નૃપ કૂળ મ્હેલ નગરી શોભા વધારી અતી,
મોટાં કૃત્ય શરૂ કર્યાં લઘુ વયે ખ્યાતી થઈ ખીલતી. ૫

## વસંતતિલકા વૃત્ત.

ઓ ઈશ વિશ્વ કરતા જગન્યાય ધારી,
બક્ષીસ એક તુજથી મેળવા વિચારી ;
સ્તૂતી કરૂં હૃદય અંતર જાણનારા,
રેડો સદા નૃપ મને શુભ ગુણ ધારા. ૧
આયુષ્ય લાંબુ વધવા કર યોજના તું,
આરોગ્ય રહે શરિરને મન થાય માનું;
બુદ્ધી પ્રજાહિત વિશે દિનદીન વાધો,
કલ્યાણકારિ કરમો કરિ કીર્તિ સાધો. ૨
એ રાજરૂપિ ઘરમાં નહિ ક્લેશ પેસે,
અન્યોન્ય કે અવરમાં નહિ દ્વેશ બેસે;
શાંતી સલાહ સઘળે સજી સૂખ પામે,
ચિત્તે ચહે સુખ પ્રજા તણું આઠ જામે. ૩
એ ધર્મ કર્મ કુશળી વિજયી ગણાયે,
આ દેશમાં સરવ ઉત્તમ એ મનાયે;
એવી રિતે દિનદિને ચઢતી વધારો,
ચોખો પવિત્ર ધરવા ધરમી સુધારો. ૪
હિંદુ ઋષિ ધરમનાં બહુવીધ શાસ્ત્ર
તેમાં લખ્યા નિયમ તે જનહીત માત્ર;
એ રાજનીતિ તણું વર્ણન શ્રેષ્ઠ આપે,
તે દેશકાળ નિરખી નિજ દેશ સ્થાપે. ૫
ધર્મે કરે નૃપતિ રક્ષણ એ પ્રજાનું,
ગૌ પેઠ પાળન કરે હિત વાધવાનું;
સંસારમાં સુખી રહે પરમેશ રાચે,
બક્ષીસ એટલી પ્રભુ ભગુભાઈ યાચે. ૬

સમાપ્ત.

# આગળથી ગ્રાહક થનારા સદ્‌ગૃહસ્થોનાં મુબારક નામની ટીપનું લીસ્ટ.

| | |
|---|---|
| **ઈડર.** | નંગ. |
| નામદાર મહારાજા સર કેશરી સિંગજી કે. સી. એસ. આઈ. સાહેબ સ્વ૦ ઈડર ......... | ૨ |
| **આમોદ.** | |
| નામદાર મહારાણા શ્રી. ફતેહસિંગજી સાહેબ સ્વ૦ આમોદ .................. | ૨ |
| **કેરવાડા.** | |
| નામદાર મહારાણા શ્રી રાયસિંગજી સાહેબ સ્વ૦ કેરવાડા .................. | ૧ |
| **માતર.** | |
| કુવર શ્રી ચંદ્રસિંગજી સાહેબ સ્વ૦ માતર ...... | ૧ |
| **રાંધણપોર.** | |
| બીસમીલ્લા ખાનજી બહાદુર શ્રી દીવાન નવાબ સાહેબ શ્રી સ્વ૦ રાંધણપોર ......... .. | ૧ |
| **કોઠડાસાંગણી.** | |
| મહારાજા ઠાકોર સાહેબ સ્વ૦ કોઠડાસાંગણી .... | ૧ |

## ધરમપોર.

| | |
|---|---|
| પાટવી કુવર શ્રી મોહન દેવજી આરોગ્ય નારણ દેવજી સ્વ૦ ધરમપોર.................. | ૧ |

## સુરત.

| | |
|---|---|
| રા૦ સા૦ ગુલાબદાશ ભાઈદાશ વકીલ. ...... | ૨ |
| રા૦ જગન્નાથ ઈચ્છારામ. ............ | ૧ |
| રાવબહાદુર દાજીભાઈ સુંદરલાલ........... | ૧ |
| રા૦ ઉમેદરામજી મીઠારામ દીવાનજી.......... | ૧ |
| રા૦ મોટાભાઈ મોતીલાલ હાઈકોર્ટ પ્લીડર. .... | ૧ |
| શેઠ. ઠાકોરદાશ ચુનીલાલ ચકાસા........ ... | ૧ |
| રા૦ ભાઈદાસ પરશોતમદાસ ............ | ૧ |
| રા૦ મુલચંદ ઉધવજી ................ | ૧ |
| રા૦ નાનાલાલ કેશવલાલ.............. | ૧ |
| રા૦ ઠાકોરદાશ માણેકલાલ .............. | ૧ |

## મુંબાઈ.

| | |
|---|---|
| શેઠ બાળમુકન સુરજી શા............... | ૧ |
| શેઠ મહમદઅલી વલીભાઈ ખાનભાઈ કમીસેરીઅ-ટવાલા ............ .......... | ૧ |
| શેઠ મનચેરજી સાપુરજી પોચા............ | ૧ |
| શેઠ ગોકળદાસ સુંદરજી સાડીવાલા ........ | ૧ |

## પરેલ.

| | |
|---|---|
| રા૦ રણછોડજી લલુભાઈ દેશાઈ ........ | ૧ |

| | |
|---|---|
| **મેશાણા.** | |
| રા૦ એલ. રામજીરાવ ગાયકવાડ .......... | ૧ |
| **શીમલા.** | |
| શેઠ હીરજીભાઈ મનચેરજી ફરામજી ........ | ૧ |
| **અંકલેશ્વર.** | |
| શેઠ ડોસાભાઈ પેસ્તનજી શેઠના ......... | ૧ |
| **એરથાણ.** | |
| રા૦ વલભભાઈ પેમાભાઈ પટેલ ........ | ૧ |
| **રાજકોટ.** | |
| રા૦ બેહેચરલાલ કાશીરામ વકીલ .......... | ૧ |
| **કચ્છ.** | |
| રા૦ જાદવરાય વાહાલજી વકીલ.......... | ૧ |
| રા૦ દયાશંકર સામજી કચ્છ અંજાર મહારાજા શ્રી ખેંગારજી લાયબ્રેરીના સેક્રેટરી .......... | ૧ |
| **એડન.** | |
| શેઠ નાનાભાઈ રુસ્તમજી ધોબુ ............ | ૧ |

BOMBAY: PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.